



શ્રી સુર્યવંશી વિજયતે
શ્રી લોહાણા મહાપરિષદ
સંનીષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિધ્ધિ


RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL. - 16 ISSUE NO. - 15 DECEMBER - 2023 PAGES - 48

**LIBF - આવો મળીએ, મેળવીએ.....**
રઘુવંશી વિશ્વે સંગઠનભાવ કેળવીએ
સમય કેરો આ તકાદો છે, ને મક્કમ આપણો ઈરાદો છે
પહોચી 'સ્વ' થી ''સર્વ'' સુધી, ઉત્કર્ષનો આપણો વાદો છે
આવો મળીએ, મેળવીએ!! LIBF થી સંગઠન કેળવીએ!!!



માલિક
શ્રી લોહાણા મહાપરિષદ
પ્રકાશક/પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તત્કાલિન પ્રમુખ : પ્રવીણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાંત જે. તન્ના
સહતંત્રી : મીનાબેન મગદાણી
અનુવાદ : ઉર્વશીબેન લાખાણી
વ્યવસ્થાપક : હરીશ બી. ઠક્કર


શ્રી લોહાણા મહાપરિષદ
પત્રવ્યવહારનું સરનામું:
રજીસ્ટર્ડ ઓફિસ:
**શ્રી લોહાણા મહાપરિષદ**
શ્રી લોહાણા કન્યાશાળા,
નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૮૦. ભારત
ફોન નં : ૯૧ ૨૨ ૨૫૬૧૭ ૯૨૫૦
મો. : ૭૯૭૭૯૫૮૩૩૦


સભ્ય પદ:
આજીવન લવાજમ
(ભારત) : રૂા. ૨,૦૦૦/-
આજીવન લવાજમ :
(ભારતની બહાર) રૂા. ૮,૦૦૦/-


ઈમેલ:
*contact@lohanamahaparishad.org*

વેબસાઈટ:
*www.lohanamahaparishad.org*




શ્રી રઘુકુળ વિશ્વમાં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો પર આધારિત છે. જે બાબતે શ્રી રઘુકુળ વિશ્વ કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


# અનુક્રમણિકા


૧) માતૃસંસ્થાની અટારીએ થી ........ ૧
૨) તંત્રી સ્થાને થી ........ ૩
૩) *GLIMESES OF LIBF – 2024* ........ ૫
૪) *LMP* સપ્તમ કારોબારી બેઠક ........ ૧૫
૫) *LMP* મહિલા સમિતિ દ્વારા થયેલી વિવિધ પ્રવૃત્તિઓ ........ ૨૦
૬) મહારાષ્ટ્ર અને મુંબઈ ઝોનની કરાડ ખાતે મિટીંગ ........ ૨૮
૭) મહારાષ્ટ્ર ઝોન મરાઠાવાડા રિજનની મિટીંગ ........ ૩૦
૮) મહારાષ્ટ્ર અને મુંબઈ ઝોનની ત્રીજી સયુંક્ત સભા ........ ૩૧
૯) કોંકણ વિભાગ અને પનવેલ મહાજન દ્વારા ડૉ. જીતેન્દ્ર અઢિયાનો સેમિનાર ........ ૩૪
૧૦) દિલથી દિલની વાત ........ ૩૭
૧૧) શાબાશ રઘુવંશી ........ ૩૯
૧૨) સત્યમ પરમ ધીમહી ........ ૪૧
૧૩) રાષ્ટ્રીય વક્તૃત્વ સ્પર્ધા ........ ૪૪

# LIBF : આવો મળીએ, મેળવીએ; રઘુવંશી વિશ્વે સંગઠનભાવ કેળવીએ



ભારત અને વિશ્વના ખૂણે ખૂણે વસતા વ્હાલા રઘુવંશીઓ,
સૌને જય રઘુવંશ..... જય જલારામ..... જય મહાપરિષદ.....

આપણું વિક્રમ સંવત નું નવું વર્ષ ૨૦૮૦ બેસી ગયું છે ને હવે ઈ. સ. ૨૦૨૩ પૂર્ણ થઈ ૨૦૨૪ ની શરૂઆત થઈ રહી છે ત્યારે કવિશ્રી સુંદરમ્ કહે છે તેમ, ''આપણે સુન્દર ને તો ચાહીએ જ, તે સાથે જે જે અસુન્દર છે તે સર્વને ચાહી ચાહી ને સુન્દર કરી મૂકવાનો કીમિયો પણ આપણે અજમાવી જોઈએ. જે જે સુન્દર હોય છે તે સૌના આકર્ષણનો, સૌના સ્નેહ તેમ જ આનંદનો વિષય બનતું હોય છે. આપણે તેથી જ જીવનમાં ચાહવાની શક્તિને વિકસાવી – વિસ્તારી બને તેટલા સુંન્દર થવાનું અને બને તેટલું સુન્દર કરવાનું એક કામ કરવાનું રહે છે. અસુન્દર સુંદર થાય, સુન્દર સુન્દરતર ને સુન્દરતર સુન્દરતમ થાય એવું એક કામ કરવાનો શિવ સંકલ્પ એટલે *LIBF* – ૨૦૨૪.

ભાઈઓ–બહેનો, ''રસ'' અને ''કસ'' બંને ગમી જાય એવા શબ્દો છે. રસ આપણને આપણામાં – આપણા જીવનમાં તો હોય જ, આપણી આસપાસની દુનિયામાંયે હોવા જોઈએ. જીવન અને જગત કેવું છે અને તે કઈ રીતે ચાલે છે તેનું જો ધ્યાન રાખીએ, એની ગતિ–દિશાને એમા રસ લઈને જો સુપેરે સમજીએ તો તેથી કશું ખોવાનું નથી, બલ્કે લાભ જ લાભ છે. *LIBF* ૨૦૨૪ વિશ્વમાં વસતા રઘુવંશી દિગ્ગજ ઉદ્યોગપતિઓ, વ્યાપારી પ્રતિભાઓ, સાહસિક યુવાનો ની ગતિ અને દિશા એક જ સ્થળે નિહાળવાનો, સમજવાનો અને તેઓની સાથેનો નાતો જોડવાનો સોનેરી મોકો છે, જેનો લાભ એ થવાનો છે કે વૈશ્વિક જ્ઞાતિજનો આટલી મોટી સંખ્યામાં પરિચયમાં આવી નજીકતા કેળવશે, એકબીજાની આવડત અને વ્યાપારનું આદાન પ્રદાન કરશે તો તેના લાંબાગાળાના કે દુરગામી આર્થિક, સામાજીક, વ્યાવહારિક, શૈક્ષણિક અને આરોગ્ય લક્ષી હકારાત્મક અને લાભદાયી પરિણામો અકલ્પનીય હશે તેમાં કોઈ શંકા નથી.


મિત્રો, સૌને જણાવતા ખૂબ આનંદ થાય છે કે યુગાન્ડા ખાતે યોજાયેલ *LIBF* ૨૦૨૩ ની ભવ્ય સફળતા બાદ *LIBF* ૨૦૨૪ જે જાન્યુઆરી ૧૮ થી ૨૧ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યું છે તેમાં અમારી અપેક્ષા મુજબ ૩૦ જેટલા દેશોના રઘુવંશી દિગ્ગજો ભાગ લેશે. હેલીપેડ એક્ઝીબીશન સેન્ટરમાં પાંચ જુદા જુદા ડોમ્સમાં ૭૦૦ જેટલા વિવિધ ૨૯ સેક્ટર્સના સ્ટોલ્સ હશે. જે રીતે ભારતભરમા અને વિશ્વના વિવિધ સ્થળોએ આપણે તેનો પ્રચાર–પ્રસાર કર્યો છે તેના પ્રતિસાદ રૂપે જે ઉત્સાહ અને હકારાત્મક સહકાર પ્રાપ્ત થયો છે તે જોતા આ *Expo* ના બધા સ્ટોલ્સ બુક થઈ જશે અને લગભગ ત્રણ લાખ મુલાકાતીઓ (ફુટ ફોલ્સ) *LIBF Expo* ને નિહાળવા ગાંધીનગર ઉમટશે.

ભાઈઓ–બહેનો, એકદમ માઈક્રો–પ્લાનિંગ, અને સંપૂર્ણ પ્રોફેશનલ ટચ સાથે કોર્પોરેટ શૈલીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના આ ભવ્યાતિભવ્ય *Expo* માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ધ્યેય મંત્ર ''સંનિષ્ઠા, સંગઠન અને સેવા દ્વારા સિદ્ધિ'' ને ચરિતાર્થ કરતા આપણા પ્રકલ્પો માંનો એક અનોખો અને વિશ્વ રઘુવંશીને એક મંચ પર લાવી, સંગઠીત કરી, જ્ઞાતિ ઉત્કર્ષ માટેનો એક નવતર પ્રકલ્પ છે. આપણા આ મુખપત્રના તંત્રી સ્નેહી શ્રી ચંન્દ્રકાંત તન્નાએ આપણા આ ભાવને સુંદર કાવ્યાત્મક રીતે આ અંકની કેપશન લાઈન્સમાં ફ્રન્ટ પેજ પર મુક્યો છે, જેને હું દોહરાવાનું રોકી શકતો નથી :

*LIBF* – આવો મળીએ, મેળવીએ.....
રઘુવંશી વિશ્વે સંગઠનભાવ કેળવીએ
સમય કેરો આ તકાદો છે, ને મક્કમ આપણો ઈરાદો છે
પહોંચી 'સ્વ' થી ''સર્વ'' સુધી, ઉત્કર્ષનો આપણો વાદો છે
આવો મળીએ, મેળવીએ !! *LIBF* થી સંગઠન કેળવીએ !!!

**સતિષ ડી. વિઠલાણી**
પ્રમુખ

# LIBF : Come, join and celebrate the grandeur of the Raghu dynasty



***A global organization that nurtures the spirit of unity among the vibrant Raghu descendants residing in India and across the world.***

***Jai Raghu dynasty... Jai Jalaram... Jai Mahaparishad....***

Our Vikram Samvat 2080 has already begun, and now, as we complete 2023 and usher in 2024, a well known Gujarati poet Sundaram wonderfully expresses, "we should desire beauty, love the loveliness not just in what is beautiful but also try to transform less beautiful into something attractive, akin to the acclaim of turning base into gold. Therefore in life, harness and develop the power of love to expand and make everything as lovely and beautiful as possible. To make the unattractive beautiful and progress in life is a task worth pursuing. The more beautiful it is, the more it becomes the attraction of all, like gold is the love of beauty. LIBF-24 is one such initiative to enhance the power of love, brotherhood and unity by making the beautiful, more beautiful and more beautiful, the most beautiful.

Brothers and Sisters, "Ras"(interest) and Cuss (essence) are words that are both liked. We should be interested not only in ourselves - in our lives, but also in the world around us. If we pay attention to how life and the world are and how it runs, if we take an interest in its movement and direction, then there is nothing to lose, rather there is a gain. LIBF-2024 is a golden opportunity to observe, understand and connect with the pace and direction of Raghuvanshi industrialists, business talents, enterprising youth of the world at one place, the benefit of which is that such a large number of global representatives will come together. There is no doubt that the long-term and far-reaching economic, social, practical, educational and health-oriented positive and beneficial outcomes that the exchange of skills and business it will provide are unimaginable. Friends, it is a great pleasure to inform you that after the grand success of LIBF-2023 held in Uganda, LIBF-2024 which is being held at Gandhinagar from 18th to 21st January will be attended by Raghuvansi veterans from 30 countries as per our expectation. The Helipad Exhibition Center will have around 700 stalls from 29 different sectors in five different domes. Seeing the enthusiasm and positive cooperation received in response to the way we have promoted it in different parts of India and the world, all the stalls of this Expo will be booked and around three lakh visitors (foot falls) will flock to Gandhinagar to witness the LIBF Expo.

LIBF 2024 is an extraordinary project in the corporate style of micro-planning, integrating a professional touch into an international arena. The Expo aligns with the vision of Shree Lohana Mahaparishad, "Dedication, Unity, and Service for Success." It is a unique and innovative project that presents the diverse and rich Raghu dynasty on a global stage, bringing together, organizing, and connecting with a cooperative spirit. The poetic lines penned by Mr. Chandrakant Tanna beautifully encapsulates this sentiment on the front page, which I cannot help but reiterate:

LIBF-Come, join, and celebrate... Organize the Raghu dynasty globally!!! Time is the strength of this era, and our determination reaches from 'self' to 'all.' Our pledge is towards excellence; come, join, and celebrate!! LIBF is to organize the Raghu dynasty!!!

***Satish D. Vithlani***
Pramukh (President)

તંત્રી સ્થાનેથી...

## *LIBF : LMP* ને ખરા અર્થમાં વૈશ્વિક બનાવી સંગઠીત થવાનો અવસર



કહેવાય છે કે કોઈપણ સમાજ, રાષ્ટ્ર કે જ્ઞાતિમાં પ્રબળ ઈચ્છાશક્તિ, ઉમદા પ્રયત્ન અને સબળ નેતૃત્વ તેમજ કુશળ કતૃત્વ હોય તો ત્યાં હંમેશા કશુંક નવીનતમ અને સર્જનાત્મક કાર્ય આકાર પામે છે અને પછી જો તેમાં ઐક્ય, સહિયારો પ્રયાસ, સહકારિતા અને સુહૃદયતા ભળે તો તે કાર્ય સફળતાને વરે છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તેના કર્મઠ અને દુરંદેશીતા (વિઝન) સાથે કાર્ય કરતા પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના નેતૃત્વમાં *LMP* બિઝનેશ કમિટિ અંતર્ગત તા. ૧૯ થી ૨૨ માર્ચ, ૨૦૨૩ દરમિયાન કમ્પાલા-યુગાન્ડા ખાતે સફળતા પૂર્વક સંપન્ન થયેલ ''લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેશ ફોરમ-૨૦૨૩'' *(LIBF)* મહાપરિષદના ઈતિહાસમાં પ્રથમવાર યોજાયેલ આવું જ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે, જેના પરિપાક રૂપે હવે આગામી તા. ૧૮ થી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન ગાંધીનગર - ગુજરાતના હેલીપેડ એક્ઝીબીશન સેન્ટર (જયાં પ્રથમ વાઈબ્રન્ડ ગુજરાત સમિટ થઈ હતી) ખાતે *LIBF Expo 2024* યોજાવા જઈ રહ્યો છે, જે *LMP* ને ખરા અર્થમાં વૈશ્વિક બનાવી સમસ્ત રઘુવંશી સમાજને સંગઠીત કરવાનો એક અનોખો અવસર બની રહેશે.

ડિસેમ્બર, ૨૦૨૦ માં કોરોનાના કપરા કાળ દરમિયાન માતૃસંસ્થાના પ્રમુખ તરીકે શ્રી સતિષભાઈએ કાર્યભાર સંભાળ્યો તેને આજે ત્રણ વર્ષ પૂર્ણ થાય છે. પ્રમુખ પદ સંભાળ્યું ત્યારે જ એક નવા રોડ મેપ સાથે કંઈક નવું, કંઈક આગવું અને કંઈક નોખું કરવાની ખેવના તેઓએ વ્યક્ત કરેલી. પદભાર સંભાળ્યો ત્યારથી આજ દિન સુધી તેઓ સતત અને અવિરત પૂરાય ભારતભરમાં મહાજનો, જ્ઞાતિ શ્રેષ્ઠીજનો, યુવાનો, માતૃશક્તિ અને નારીશક્તિ ને મળતા રહ્યા છે તેમજ અવારનવાર જ્ઞાતિજનોના વિવિધ સમારોહ અને કાર્યક્રમોમાં હાજર રહી મહાપરિષદના પ્રકલ્પો રઘુવંશીના છેવાડાના વ્યક્તિ સુધી પહોચાડવાના અથાગ પ્રયત્નો કર્યા તો છેલ્લા બે વર્ષમાં વિશ્વમાં વસતા જ્ઞાતિજનોને *LMP* ના મુખ્ય પ્રવાહ સાથે જોડવા જયાં જયાં રઘુવંશીઓ છે તે દરેક દેશમાં લગભગ બધે શ્રી સતિષભાઈ પહોચ્યા છે, *LMP* થી સૌને અવગત કર્યા છે, *LMP* નાં પ્રકલ્પોમાં જોડયા છે અને એ રીતે *LMP* હવે ખરેખરી વિશ્વ લોહાણા મહાપરિષદ બની રહી હોય તેવું જોઈ શકાય છે.

આનંદની વાત એ છે કે ગયા વખત ની સરખામણી એ આ વખતના *LIBF* માં ૩૦ કરતા પણ વધુ દેશના રઘુવંશી શ્રેષ્ઠીઓ સહભાગી બની રહ્યા છે. શ્રી સતિષભાઈના જણાવ્યા મુજબ આ વખતે *Startups* અને તેમાય ખાસ કરીને યુવાનોને વધુ ને વધુ પ્રોત્સાહિત કરવામાં આવશે તેમજ તેઓને વૈશ્વિક વેપારમાર્ગો અને સઘન નેટવર્કિંગની શક્યતા તલાસતા બિઝનેશ પ્રોફેશનલ્સ, ઉદ્યોગપતિઓ, સરકારી અધીકારીઓ, એકડેમિક સ્કોલર્સ સહિત અનેક ક્ષેત્રના તજજ્ઞો નું સાનિધ્ય પ્રાપ્ત થશે. વધુમાં આ *LIBF Expo 2024* માં ભાગલેનારને તેઓના ઉત્પાદનો અને સેવાઓની વૈવિધ્ય પૂર્ણ રેન્જ આંતરરાષ્ટ્રિય લોકો સમક્ષ પ્રદર્શીત કરવા વિશિષ્ટ પ્લેટફોર્મ ઓફર કરવામાં આવશે. પોતાની પ્રોડક્સ કે સેવાઓને શોકેસીંગ કરવાની સાથે સંભવિત પાર્ટનર્સ સાથે મિલન-મુલાકાત ગોઠવી આપવામાં આવશે, તો વિવિધ ક્ષેત્રના તજજ્ઞો, ઉચ્ચ અધિકારીઓ, ઈન્ડસ્ટ્રીઝના માધાંતાઓ સાથે સેમિનાર્સ અને કોન્ફરન્સીસમાં પણ ભાગ લેવાની વિશિષ્ટ તક પ્રાપ્ત થશે.

ટુંકમાં, *LIBF 2024* ના આ માધ્યમ દ્વારા જ્ઞાતિના આંતરરાષ્ટ્રિય સફળ ઉદ્યોગપતિઓ, એકસપર્ટ બિઝનેશ પ્રોફેશનલ્સ, ઉચ્ચ પદાધિકારીઓના સાનિધ્યમાં યુવાનેને પ્રોત્સાહન, નવી રોજગારીની તકો ઉભી કરવાના પ્રયત્નો અને એ રીતે જ્ઞાતિમાં સંગઠન અને ઐક્ય ભાવ ઉભો કરવાના આ પ્રકલ્પને આપણે મહાપરિષદના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત તરીકે અચૂક મુલવી શકીએ.

''મળીને મેળવવાના, આપીને પામવાના'' આ મહાસંમેલન અને પ્રદર્શન સમારોહની સાંગોપાંગ સફળતા માટે પ્રમુખશ્રી સતિષભાઈ, શ્રી વિજયભાઈ કારીયા અને સમગ્ર ટીમને ખૂબ ખૂબ શૂભકામનાઓ!!

**પ્રોફે. ચંન્દ્રકાંત જે. તન્ના**
તંત્રી

From Editor's Desk

# LIBF : A Golden Opportunity to be Global



LMP presents a global opportunity where strong will, nobal effort, leadership and skill converge, fostering innovation and creativity. A diligent and visionary leader, President Shri Satishbhai Vithalani, led the LMP Business Committee and guided the successful completion of LIBF - 2023 in Kampala - Uganda, showcasing unity and collaboration. The successful completion of this project is one of the best examples in the history of Lohana Mahaparishad. LIBF Expo 2024 is going to be held from January 18 to 21, 2024 at the Helipad Exhibition Center in Gandhinagar - Gujarat which will be a unique opportunity to mobilize the entire Raghuvanshi community to make LMP truly global.

In December 2020, Mr. Satishbhai took charge as the president of the mother institution during the difficult period of Corona. It is now three years since he took over the post of president. From the time he assumed office till today, he has been continuously meeting Mahajans, caste elites, youths, maatrshakti and womenshakti all over India and frequently attended various ceremonies and programs of the castes and made unremitting efforts to reach the Mahaparishad's projects to every single Raghuvanshi in the world in the last two years. Sri Satishbhai has reached almost every country where Raghuvanshis are living, to connect them to the mainstream of LMP, informed everyone about LMP, joined the projects of LMP and thus it can be seen that LMP is now becoming a real Vishwa Lohana Mahaparishad.

The best part is that compared to last time, more than 30 countries' representatives are participating in LIBF this time. According to Mr. Satishbhai, this time Startups and especially the youth will be encouraged more and more and they will get insights of experts from many fields including business professionals, industrialists, government officials, academic scholars looking for global business avenues and powerful networking. Further more, the participants of the LIBF Expo 2024 will be offered a unique platform to showcase their diverse range of products and services to the international public. Apart from showcasing their products or services, they will also get a unique opportunity to participate in seminars and conferences with experts in various fields, high - level officials, and industry experts and meet with potential partners.

In short, through this medium of LIBF 2024, in the presence of internationally successful industrialists of the caste, expert business professionals, high officials, encouraging the youth, efforts to create new employment opportunities and thus instilling the sense of organization and unity in the community, we cannot fail to mark the beginning of a new chapter in the history of the Lohana Mahaparishad. We send our best wishes to the President Shri Satishbhai, Shri Vijaybhai Kariya, and the entire team for the grand success of this convention and exhibition of "Coming together, joining and Celebrating... Organizing the Raghu dynasty globally!!

***Prof. Chandrakant J. Tanna***
Tantri

# About Expo 2024

Introducing the LIBF Expo 2024, a premier international event designed to cultivate meaningful business relationships that transcend geographical boundaries. Hosted at the esteemed Helipad Exhibition Centre in Gandhinagar, Gujarat, India, this exhibition is scheduled from the 18th to the 21st of January 2024.

The LIBF Expo 2024 offers participants a distinguished platform to present their diverse range of products and services to an international audience. It's more than just a showcase—it's an opportunity. Engage with potential partners, partake in insightful seminars, and establish rapport with both industry stalwarts and government representatives.

Our audience is a curated blend of business professionals, industry frontrunners, government officials, academic scholars, innovative minds, and startups—all seeking avenues for global trade and expansive networking.

We cordially invite you to be a part of the LIBF Expo 2024, where global business aspirations find their match.


EURO EXIM BANK
libf™ EXPO
2024
Presented by
Vinmart
18TH - 21ST JANUARY 2024
Helipad Exhibition Centre
Gandhinagar, Gujarat, India
Free Visitor Registration
Now Open

# Our Partners

**TITLE PARTNER**

EURO EXIM BANK
www.euroeximbank.com
Facilitating Global Trade

**PRESENTING PARTNER**

Vinmart
AFRICA | CANADA | CHINA | DUBAI - U.A.E. | HONGKONG | INDIA

**PLATINUM PARTNERS**

Ravin | 72 YEARS OF TRUST
CABLES | SOLAR | EHV PROJECTS
Bharosa Rakho. Surakshit Raho.

Dharmadev infrastructure limited

ISCON
BUILDING THE FUTURE

**GOLD PARTNERS**

Madhav Group

HATHI CEMENT | Sidhee CEMENT
Saurashtra Cement Limited


**SILVER PARTNERS**

EXIM BANK | JW | STOXBOX | DAVARA | ART GROUP | TALOD FOODS

MM. DEVELOPMENT | GULAB | AAN

**BRONZE PARTNERS**

RUSHIL | Schbang. | Tradebulls



## Satish Vithalani

LIBF Expo 2024, conjoined with vibrant Gujarat, strives to grow and foster inter and cross-border transactions between various businesses and pledges to drive progress and prosperity both for exhibitors as well as visitors. The overwhelming success of LIBF 2023 Africa Calling conference held at Uganda, and the rich results that arose from the conference which saw the signing of numerous MOUS. This spurred us to now to strive for a much bigger and more focused platform to engage with the people who have the products and services and are looking to enhance their markets.

## Vijay Karia

This four-day high-level event would serve as a unique platform for uniting businesses of over 30 countries under one roof. We are happy to state that exhibitors include large business houses, professionals, start-ups, banks and financial institutions, Various Government bodies, thought leaders, and investors. LIBF Expo 2024 is a unique gathering of diverse businesses from various sectors who gather to exchange ideas as well as to explore investment and trade opportunities.












# Africa Glimpses















# Glance on the LIBF EXPO 2024

**LIBF EXPO 2024 Exhibition Inaugural Ceremony**

**Industry-Driven Parallel Sessions**
Benefit from cross-industry discussions presented from Banking, Real Estate Startup Showcase and others.

**CEO Nite & Honour the Icons**
Distinguished honorary and speakers will grace this occasion with their presence.

**Network2Networth & Award Night**
Cultural entertainment & recognizing excellence at the Award Nite.

**Musical Exhibitors Night with Bhoomi Trivedi**
Entertainment Night with music.

**Maximize your networking experience at EXPO 2024**
Adapt your knowledge experience to your needs as it offers a plethora of knowledge and discussion tools that you can mix and match to get the most out of the Expo.

libf™ EXPO 2024

# Schedule of Events
# at Helipad Grounds Gandhinagar

| 18th January 2023 to 21st January 2023 | Description | Date | Time | Venue |
|---|---|---|---|---|
| LIBF EXPO 2024 | EXPO open to visitors | 18th January to 21st January | 10 am to 6 pm all days | Hall 5 & Hall 6 |
| Parallel Sessions | Banking Round Table | 18th January | 11.30 noon to 1.00 pm | Hall 4 |
| | Real Estate Panel Discussion | 18th January | 3.30 pm to 5 pm | Hall 4 |
| | Startup Showcase | 19th January | 3.30 pm to 5 pm | Open Amphitheatre |
| | Session TBD | 19th January | 11.30 noon to 1.00 pm | Hall 4 |
| | Startup Showcase | 20th January | 3.30 pm to 5 pm | Open Amphitheatre |
| | Session TBD | 20th January | 11.30 noon to 1.00 pm | |
| CONCURRENT EVENTS | | | | |
| LIBF EXPO 2024 Exhibition Inaugural ceremony | Inauguration | 18th January | 10.00 a.m sharp | Hall 5 & Hall 6 |
| CEO Nite & Honour the Icons | Key Note Speakers Invited ** tentative | 18th January | 6.30 pm onwards | TBD |
| | Shri Amitbhai Shah, Home Minister | | | |
| | Kiran Kumar, Former ISRO chairperson | | | |
| | Sanjeev Sanyal, Economic Advisory Council of the Prime Minister, and Secretary to Government of India | | | |
| | Amitabh Kant, Former CEO of NITI Aayog | | | |
| Network2Networth & Award Night | Cultural Entertainment & Awards | 19th January | 6.30 pm onwards | |
| Musical Exhibitors Night with Bhoomi Trivedi | Entertainment Night | 20th January | 7 pm onwards | Exhibition Ground |

# Benefits of Participation & Why Exhibit with Us

International Exposure

Enhance Brand Visibility

Participants from 30+ Countries

Opportunity to Meet Like Minded People


Expand your Network & Connection

# Sectors/Industries

- **Advertising & Social Media**
- **Agriculture** – Agro products
- **Auto sector** – 2, 3 and 4 wheelers and components
- **Banking and Finance**
- **Chemicals, Petrochemicals & Fertilizers**
- **Education** – Skills development, E-learning, Vocational training
- **Electrical** – Cables, Transformers & other electrical Equipment
- **Event management**
- **FMCG products**
- **Food and Farming** – Organic food & farming, Food Processing, Snacks, Bamboo products etc
- **Furniture** – Industrial, Commercial, Residential, Hospital, Schools
- **Gems & Jewellery**
- **Mining** – Minerals, Glass, and Ceramics
- **Handicrafts**
- **Healthcare** – Doctors, Medical professionals, Hospitals, Pharmaceuticals, Surgical equipment, medical tourism, Laboratories, Research
- **Hospitality, Travel & Tourism**
- **Imports & Exports – Trading**
- **IT & Digital Media** – Software, Hardware, ITeS Services, Marketing, Training
- **Logistics & Shipping**
- **Paper & Stationery**
- **Plastics**
- **Professional Services** – Finance, Legal, Accounting (CA), Secretarial, Wealth management, Succession Planning, Insurance
- **Real Estate** – Developers, Contractors, building materials & construction equipment
- **Renewable Energy** – Solar, solar pumps, Biogas, Wind, Hydro, Green Hydrogen
- **Sports & Recreation** – Sports goods, Yoga, Training
- **Telecom**
- **Textile** – Cotton, Cotton and polyester yarn, furnishing fabrics, Apparels and readymade garments, fashion designing, accessories etc
- **Turnkey Projects** – Infrastructure, Engineering, Procurement & Contracting Services (EPC), Design
- **Waste Management** – Sewage & Water Treatment plants, Agro Waste, Electronic waste etc
- **Others**


EURO EXIM BANK
libf EXPO 2024
Presented by
Vinmart
આવો..
મળીએ..
મેળવીએ..
18TH - 21ST JANUARY 2024
Helipad Exhibition Centre
Gandhinagar, Gujarat, India
VISITOR REGISTRATION
NOW OPEN
+91 79771 01011 www.libf.co
SCAN HERE TO REGISTER

## પ્રમુખશ્રી સતિષભાઈના કાર્યકાળની સપ્તમ કારોબારી સમિતિ બેઠક જામનગર ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ





જામનગરના આંગણે સમસ્ત હાલાર લોહાણા સમાજના યજમાન પદે રઘુવંશી સમાજની વૈશ્વિક માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની સપ્તમ કારોબારી સમિતિની બે દિવસીય બેઠક સંપન્ન થઈ. આ સભામાં સંસ્થા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીના વડપણ અને માર્ગદર્શન હેઠળ દેશ-વિદેશમાં જ્ઞાતિ સંગઠન વધુ મજબૂત બનવા સાથે સક્રિયતાથી કાર્ય કરી રહ્યું હોવાના અહેવાલો રજુ થયા હતા. સાથે જ લોહાણા સમાજના યુવાધન માટે તેમજ સી. એ, ડૉક્ટરસ, એન્જીનીયરસ, વ્યવસાયીઓ, વેપારીઓ, ઉદ્યોગકારો અને રમતવીરો માટેની જુદી જુદી યોજનાઓની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

શ્રી લોહાણા મહાપરિષદની આ સપ્તમ કારોબારી સમિતિની સભાના પ્રથમ દિને તારીખ – ૨ ડીસેમ્બરના રોજ જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર સ્થિત લોહાણા મહાજનવાડી ખાતે બપોરના ભોજન પછી પ્રથમ સત્રનો શુભારંભ રઘુવંશી ધ્વજવંદન ગીત અને દિપ પ્રાગટય સાથે થયો હતો. સભાધ્યક્ષ શ્રી સતિષભાઈ વિઠલાણીની રાહબરી હેઠળ બેઠકના પ્રારંભે સંસ્થના મહામંત્રી શ્રી હરિશભાઈ ઠક્કરે ઉપસ્થિત સૌને આવકાર્યા હતાં. યજમાન સંસ્થા સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલે જામનગરના આંગણે આ સભામાં ભાગ લેવા આવેલ દેશ-વિદેશના જ્ઞાતિ આગેવાનો અને કાર્યકરોનું સ્વાગત કરતાં આયોજનની વિગતો આપવા સાથે જામનગર લોહાણા મહાજનની પ્રગતિની માહિતી આપી હતી.



દેશ-વિદેશમાં સંસ્થાના કાર્યો માટે જવાબદારી સંભાળી રહેલા જુદા જુદા ૧૫ ભારતના તથા ૮ વિદેશના મળી કુલ ૨૩ ઝોનના પ્રમુખશ્રીઓ દ્વારા પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો. જયારે સંસ્થાની જુદી-જુદી સમિતિઓ જેમ કે શિક્ષણ અને છાત્રાલય સમિતિ, સ્કિલ અને પર્સનાલીટી ડેવલપમેન્ટ સમિતિ, રમત – ગમત સમિતિ, આરોગ્ય સમિતિ, લગ્નસેતુ સમિતિ, પર્યાવરણ સમિતિ, મહિલા પાંખ, યુવા પાંખ, અને આધ્યાત્મિક સંસ્કાર કેન્દ્ર તથા શ્રી લોહાણા મહાપરિષદની એપ, આઈ ટી અને ડીઝીટલ મિડીયા સમિતિના કન્વીનરોએ કામગીરીની વિગતો રજુ કરી સાથે થયેલા કાર્યક્રમોની જાણકારી આપી હતી અને




ડીઝીટલ માધ્યમ થકી સંસ્થાના સહયોગથી કેવી રીતે સમગ્ર સમાજને જોડીને વિકાસ સાધી શકાય તેની વિગતો જણાવી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીના અધ્યક્ષસ્થાને કારોબારી સમિતિનું બીજુ સત્ર તા. - ૩ ડીસેમ્બરના રવિવારે સવારથી એરપોર્ટ રોડ સામેના રજવાડું-ધ વિલેજ રેસ્ટોરન્ટના જાજરમાન બેન્કવેટ હોલમાં મળ્યું હતું. આ બેઠકમાં સંસ્થાની કારોબારી સમિતિના સભ્યો ઉપરાંત આમંત્રિત સભ્યોની સાથે જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જીલ્લાના જુદા-જુદા લોહાણા મહાજનના હોદેદારો, આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારી અગ્રણીઓ, સખાવતીઓ અને કાર્યકરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન સંસ્થાના મહામંત્રી શ્રી હરિશભાઈ ઠક્કરે કર્યું હતું અને બેઠકની પૂર્વ ભૂમિકા આપવા સાથે જુનાગઢ ખાતે તા. ૪ જુન ૨૦૨૩ના થયેલી કારોબારી સમિતિની આગલી બેઠકની મિનટસનું વાંચન કર્યું હતું. જેને સર્વાનુંમતે બહાલી આપવામાં આવી હતી. આ વેળાએ યજમાન સંસ્થા સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલે જામનગરના આંગણે આ આયોજન કરવાનું આમંત્રણ સ્વીકારવા બદલ શ્રી સતિષભાઈ વિઠલાણી અને તેમની ટીમનો આભાર માની હાલાર લોહાણા સમાજની ટુંકી જાણકારી આપી હતી. જયારે સમસ્ત હાલાર લોહાણા સમાજના સ્વાગત સમિતિના કન્વીનર પીઢ રઘુવંશી







અગ્રણી શ્રી દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઈ) એ સ્વાગત પ્રવચન કર્યું હતું.

શ્રી લોહાણા મહાપરિષદના નેજા હેઠળ તા. ૧૮ થી તા. ૨૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલા વૈશ્વિક ઔદ્યોગીક સંમેલનમાં વધુને વધુ સંખ્યામાં ભાગ લેવા અને મુલાકાત લેવા માટે અનુરોધ કરતાં સંસ્થાના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમની વિસ્તૃત વિગતો જણાવી હતી. જયારે સંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતુભાઈ લાલે આ વૈશ્વિક ઔદ્યોગિક-વેપાર સંમેલનનો વધુને વધુ રઘુવંશીઓ લાભ લે અને તેનાથી થનારા ફાયદાઓની વિગતો આપી હતી. સાથે જ હાલાર પંથકમાંથી સૌથી વધુ સંખ્યામાં રઘુવંશીઓ ભાગ લેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

સંસ્થા દ્વારા વિદેશમાં રઘુવંશી સમાજના સંગઠનનો વ્યાપ વધારવા અને જ્ઞાતિ સેવાના કાર્યોમાં વધુ પ્રગતિ સાધી શકાય તે માટે થયેલા પ્રયત્નો તેમજ આગામી સમયમાં આ માટે વધુ ઘનિષ્ઠ પ્રયાસો થઈ શકે તે માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન અત્યાર સુધીમાં શૈક્ષણિક તેમજ આરોગ્ય સેવા તથા ઉચ્ચ શિક્ષણ માટે જ્ઞાતિજનોને અપાયેલી આર્થિક સહાયની વિગતો પણ જાહેર કરવામાં આવી હતી.

સભાધ્યક્ષ શ્રી સતિષભાઈ વિઠલાણીએ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં દેશમાં અને દરિયાપાર વિસ્તારોમાં જ્ઞાતિ સંગઠનને વધુ મજબુત કરવા માટે થયેલી કામગીરી તેમજ ભવિષ્યમાં આ માટે શું થઈ શકે તેની જાણકારી આપવા સાથે વિશ્વભરના રઘુવંશી સમાજના ઉત્કર્ષ અને ઉત્થાન માટે વધુ મજબુતી સાથે સંગઠને આગળ ધપાવવા સર્વ જ્ઞાતિજનોને અને સવિશેષ યુવાઓને આહ્‌વાન કર્યું હતું. ગાંધીનગર માં આગામી જાન્યુઆરી માસમાં તારીખ ૧૮ થી તારીખ ૨૧ દરમ્યાન આયોજીત કરાયેલા વેપાર – ઉદ્યોગ વૈશ્વિક



સંમેલનની વિગતવાર માહિતી આપવા સાથે મહાપરિષદ દ્વારા રચાયેલા લોહાણા ઈન્ટરનેશનલ બીઝનેસ ફોરમની વિગતો આપી હતી અને વધુમાં વધુ વેપારીઓ–ઉધોગકારો અને નવયુવા સાહસિકોને તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ડીઝીટલ માધ્યમથી લગ્ન વિષયક હેતુ માટે શરૂ કરાયેલી લગ્નસેતુ એપ તેમજ રોજગારીની વિપુલ તકોની જાણકારી સાથે નોકરી ઈચ્છુક યુવાઓને જોબ પોર્ટલનો લાભ કેવી રીતે મળી શકે તેની પણ વિસ્તૃત જાણકારી આ સભામાં આપવામાં આવી હતી. આ સિવાય મેડીકલ સહાય, શૈક્ષણીક સહાય, સી. એ. ગ્રુપ, રીયલ એસ્ટેટ ગ્રુપ, ડૉક્ટર ગ્રુપ, સહિતના અનેક ગ્રુપો સાથે સૌ કોઈ આ ડીઝીટલ માધ્યમના વધુમાં વધુ ઉપયોગ થકી જીવનમાં આગળ વધી શકે તેવી તકને ઝડપી લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ કારોબારી સભામાં સંસ્થાના ટ્રસ્ટી તથા મહિલા પાંખના અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, ટ્રસ્ટીશ્રી ઉમંગભાઈ ઠક્કર, સંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ લાલ, શ્રી ધર્મેશભાઈ હરિયાણી, માનદમંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર, ખજાનચી શ્રી વસંતભાઈ અનારકટ, શ્રી યોગેશભાઈ ઠક્કર, યુગાન્ડાથી ખાસ ઉપસ્થિત રહેલા કમ્પાલાના પૂર્વ સાંસદ શ્રી સંજયભાઈ તન્ના, યુવા પાંખના અધ્યક્ષ શ્રી ચિંતનભાઈ વસાણી, જામનગરના ઉધોગપતિ શ્રી અશોકભાઈ લાલ વિગેરેએ પણ પ્રાસંગીક પ્રવચનો કરી જ્ઞાતિ સંગઠન વધુ વિસ્તરે, મજબુત બને તે માટે સૌના સહયોગની અપીલ કરી હતી. આ તકે હાલાર લોહાણા મહાજનના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, તેમજ જ્ઞાતિના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.






આ આયોજન કરનાર સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલ તેમજ સ્વાગત સમિતિના કન્વીનર શ્રી દ્વારકાદાસ રાયચુરા (મોટાભાઈ) નું શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ સ્મૃતિચિહ્ન આપી તેમજ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું તેમજ સુવ્યવસ્થિત સુંદર રીતે સફળ આયોજન કરવા માટે સમસ્ત હાલાર લોહાણા સમાજના સંયોજક શ્રી જીતુભાઈ લાલ, સ્વાગત સમિતિના કન્વીનર શ્રી દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઇ), તેમજ લોહાણા મહાજનના હોદ્દેદારો, જલારામ જયંતિ મહોત્સવ સમિતિના સદસ્યો અને જ્ઞાતિની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.



## LMP મહિલા સમિતિ દ્વારા થયેલી વિવિધ પ્રવૃત્તિઓ

### વિદર્ભ ઝોન આર્ટ એન્ડ કલ્ચર - ગરબા સજાવો અને ગરબા ગાવો

ગરબા સજાવો અને ગાવો શરદ પૂનમના ઉપલક્ષમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ વિદર્ભ આર્ટ એન્ડ કલ્ચર મહિલા સમિતિ અંતર્ગત અમરાવતી સહ યવતમાલ ખાતે આ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ વિદર્ભ મહિલા સમિતિ મંત્રી શ્રીમતી શીલાબેન હિંડોચા એ મીઠા શબ્દોમાં સહુને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ધ્વજ વંદન ગીત લેવામાં આવ્યું હતું અને વિદર્ભ આર્ટ એન્ડ કલ્ચર મહિલા સમિતિના મંત્રી કૃપાલીબેન ઠક્કરે માતીજીની સ્તુતિ સુંદર મીઠા અવાજમાં પ્રસ્તુત કરી ત્યાર પછી વિદર્ભ આર્ટ એન્ડ કલ્ચર મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન રાયચુરા એ મહેમાનોનું સ્વાગત પ્રેમપૂર્વક કર્યું હતું. ત્યાર પછી શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતીના અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ ઝુમ વેબીનાર માં અંગત કારણોસર જોડાઈ ન શક્યા હોવાથી ફોન દ્વારા વિદર્ભ ઝોનલ મહિલા વિભાગને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટે પોતાના વક્તવ્ય દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા અને પોતાની ટીમના કાર્યોને વખાણ્યા. ત્યાર પછી અમરાવતી મહિલા વિભાગના આર્ટ એન્ડ કલ્ચર સમિતિના અધ્યક્ષા તથા આ કાર્યક્રમના સ્પોન્સર કવિતાબેન કારીયા એ નિર્ણાયકો નો પરિચય આપ્યો હતો અને ત્યારબાદ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી જે ગ્રુપ *A* અને ગ્રુપ *B* માં લેવામાં આવી હતી જેમાં બધા તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. અમરાવતી મહિલા વિભાગ થેલેસેમિયા મંત્રી શ્રીમતી સોનલબેન લાખાણી એ બહુ જ સુંદર શબ્દોમાં બધાનો આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રીમતી શીલાબેન પોપટે કાર્યક્રમને આધારે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી ગ્રુપ *A* નું નિર્ણય જાહેર કર્યો હતો. શ્રી લોહાણા મહાપરિષદ દક્ષિણ ભારતના મહિલા સમિતિ અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન ખિરૈયા જે ગ્રુપ *B* ના નિર્ણાયક હતા પરંતુ પોતાના અંગત કારણોથી હાજર રહી ન શક્યા હોવાથી તેમણે વિડીયો દ્વારા પોતાનું વક્તવ્ય તથા ગ્રુપ *B* નો નિર્ણય જાહેર કર્યા હતો.

ગ્રુપ *A*

૧) સીમાબેન ચંદારાણા – હિંગણઘાટ

૨) હિરલબેન અટારા – ઘાટંજી

ગ્રુપ *B*

૧) જયોતિબેન પવાણી – મસ્કત

૨) રૂચિતાબેન ઠક્કર – યવતમાલ

૩) પ્રિયંકાબેન ઠક્કર – પૂના

આ સૌ બહેનો વિજેતા હતી. ત્યારબાદ વિજેતા બહેનો તથા અન્ય પ્રતિષ્ઠિત બહેનોએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. અને શ્રીમતી શીલાબેન હિંડોચા એ કાર્યક્રમ પૂર્ણ થવાની ઘોષણા કરી હતી.

# શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ અને નાગપુર રીઝનલ મહિલા વિભાગ - આર્ટ એન્ડ કલ્ચર - સેલ્ફ મેક અપ વર્ક શોપ

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ અને નાગપુર રીઝનલ મહિલા વિભાગ - આર્ટ એન્ડ કલ્ચરલ સમિતિ ના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ માટે આવનારા ફેસ્ટિવ સીઝન માટે અત્યંત ઉપયોગી એવાં સેલ્ફ મેકઅપ વર્કશોપ નું આયોજન વર્ચ્યુઅલ પ્લેટફોર્મ ઝૂમ પર તા. ૦૭-૧૦-૨૦૨૩ના બપોરે ૪-૦૦ થી ૬-૦૦ કલાકે કરવામાં આવેલ હતું.




આપણી જ્ઞાતિના જાણીતા સૌંદર્ય વિશેષજ્ઞા શ્રીમતી હેતલબેન કારિયાએ આ વર્કશોપ માં સેલ્ફ મેકઅપ ટેક્નિક ની સાથે સાથે તમામ મેકઅપ પ્રોડક્સની જાણકારી પણ બહુ જ સરસ રીતે આપી હતી. પ્રોજેક્ટ ડાયરેક્ટર આર્ટ એન્ડ કલ્ચર સમિતિ વિદર્ભના ઝોનલ મંત્રી કૃપાલીબેન ઠક્કર (નાગપુર) હતાં.

સમસ્ત કાર્યક્રમ દરમ્યાન શ્રી લોહાણા મહાપરિષદના આંતરરાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી સાથે વિદર્ભ મહિલા અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેઓએ પોતાના મંતવ્યની સાથે સાથે સુંદર માર્ગદર્શન પણ આપેલ હતું. સંપૂર્ણ કાર્યક્રમ નાગપુર રીઝનલ મહિલા અધ્યક્ષા શ્રીમતી જયશ્રીબેન ઠક્કર રૂપારેલિયાની અધ્યક્ષતામાં સંપન્ન થયો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન નાગપુર રીઝનલ મહિલા મંત્રી શ્રીમતી અલ્કાબેન પલણ દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગો થી મહિલાઓની સારી એવી ઉપસ્થિતિ હતી. અંતમાં શ્રીમતી કિરણબેન સેદાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. એકંદરે કાર્યક્રમ ખુબ જ સફળ રહ્યો હતો.



# LMP મહિલા સમિતિ વિદર્ભ
# આર્ટ એન્ડ કલ્ચર - તોરણ બનાવો, તોરણ સજાવો

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ આર્ટ એન્ડ કલ્ચર મહિલા સમિતિ અંતરગત ઘાટંજી મહિલા મંડળ તર્ફે તોરણ બનાવો તોરણ સજાઓ સ્પર્ધા દિવાળી ના ઉપલક્ષમાં લેવામા આવી હતી.

તારીખ ૩-૧૧-૨૦૨૩ શુક્રવારે યોજાયેલ આ કાર્યક્રમમાં નાના મોટા સહુએ અત્યંત ઉલ્લાસ થી ભાગ લીધેલ હતો. તેમા ગ્રુપ *A*-૬ થી ૧૫ વર્ષ સુધી તેમજ ગ્રુપ *B* ૧૫ થી ૫૦ વર્ષ સુધી રાખવામાં આવેલ હતા. જેમાં સહુએ ભાગ લઈને સરસ રીતે તોરણ સજાવેલ હતા. આ કાર્યક્રમ જલારામ મંદિર ઘાટંજીમાં લેવામા આવ્યો હતો. તેમાં વિડિયો કોલ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના મહિલા અધ્યક્ષા અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા વિદર્ભ ઝોન ના મહિલા અધ્યક્ષા શીલાબેન પોપટ અને મંત્રી શીલાબેન હિંડોચા એ જોડાઈ ને બધા સ્પર્ધકો નો ઉત્સાહ વધાર્યો હતો. તેમા નાના નાના બાળકો એ ભાગ લઈ સરસ રીતે આનંદ માણ્યો હતો અને નવુ શીખવા પણ મળ્યું હતું. આ રીતે આ કાર્યક્રમ દિવાળી પહેલા લેવામાં આવેલ હોવાથી ઘણા ને ફાયદો થયો હતો. વિજેતા સ્પર્ધકોના નામ નીચે પ્રમાણે છે.

**ગ્રુપ *A***
૧) દિવ્યા દાવડા
૨) લીસા ગંઢેચા

**આશ્વાસન ઈનામ**
ભાવી સૂચક
રિયા અટારા

**ગ્રુપ *B***
૧) રીમા ગંઢેચા
૨) હિરલ અટારા








# LMP વિદર્ભ ઝોન અમરાવતી મહિલા વિભાગ
# ''આર્ટ એન્ડ કલ્ચર'' - લગ્નની તૈયારી અંગે કાર્યક્રમ

શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ ઝોન અમરાવતી મહિલા વિભાગ ''આર્ટ એન્ડ કલ્ચર'' સમિતી સહ ઘાટંજી આર્ટ એન્ડ કલ્ચર મહિલા સમિતી દ્વારા 'આવો કરીએ લગ્નની તૈયારીઓ' નામે એક કાર્યક્રમ લેવામાં આવ્યો હતો જેમાં તેઓએ સગાઈ, લગ્ન, મહેંદી, હલ્દી આવા બધા શુભ પ્રસંગો માટે સુંદર સજાવેલા *platters* તથા સાડી પેકિંગ વગેરે શીખવાડયા હતા. આ કાર્યક્રમ તા. ૨૧-૧૧-૨૦૨૩, મંગળવાર બપોરે ૪.૩૦ થી ૬.૦૦ કલાકે લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ક્રિયેટિવ હેડ સૌ રીયાબેન આડતીયા હતા જેમણે બહુજ સુંદર રીતે શીખવાડયું હતું તથા બધી ચીજો ના વિડિયો પણ શેઅર કર્યા હતા. સૌ પ્રથમ વિદર્ભ મહિલા શાખાના મંત્રી શ્રીમતી શીલાબેન હિન્ડોચા દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારબાદ રઘુવંશી સમાજનું ગૌરવ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું અને ઘાટંજી મહિલા મંડળના અધ્યક્ષા શ્રીમતી દીપિકાબેન ગંડેચા દ્વારા આવકાર પ્રવચન થયું હતું. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પાંખના અધ્યક્ષા-ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા વિદર્ભ મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટ આ બંનેની આ પ્રસંગમાં વિશેષ હાજરી હતી તેઓએ પોતાનું મંતવ્ય રજૂ કરેલ. શ્રીમતી પ્રિયાબેન દાવડા એ શ્રીમતી રીયાબેન આડતીયાનો પરિચય આપ્યો હતો અને રીયાબેન આડતીયાએ પોતાની કલાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી ભાવિકાબેન ગંડેચા દ્વારા આભાર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બદલ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ તથા શ્રીમતી શીલાબેન પોપટે સુંદર અભિપ્રાય આપ્યો અને સમાજની ઘણી બહેનોને આ કાર્યક્રમ ગૃહ ઉધોગ કરવા માટે ઉપયોગી નીવડશે એવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી નેહાબેન સૂચક દ્વારા કરવામાં આવેલ હતું અને અંતે શ્રીમતી શીલાબેન હિંડોચાએ કાર્યક્રમ પૂર્ણ થવાની ઘોષણા કરી હતી.




# LMP મહિલા સમિતિ તથા શ્રી લોહાણા મહાજન અકોલા મહિલા સમિતિ દ્વારા આયુષ્યમાન કાર્ડના કેમ્પનું આયોજન

શ્રી લોહાણા મહાજન અકોલા તેમજ શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ દ્વારા આયોજીત આયુષ્યમાન કાર્ડનો કેમ્પ તારીખ ૨૪-૦૯-૨૦૨૩ના રવિવારે જલારામ મંદિરમાં રાખવામાં આવેલો હતો. તેમા સૌ પ્રથમ નવનિયુક્ત અકોલા લોહાણા મહાજન ના પ્રમુખશ્રી નંદકિશોરભાઈ દ્રોણાનું પુષ્પગુચ્છ થી શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ અકોલા તરફે અભિનંદન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સમાજના ૭૫૦ જ્ઞાતી ભાઈ બહેનોના કાર્ડ બનાવવામાં આવ્યા હતા તેમજ સાથે ઈલેક્શન કાર્ડમા નામ તથા એડ્રેસ સુધારો પણ કરવામાં આવ્યો હતો અને તેમાં પણ ૩૦૦ જ્ઞાતી ભાઈઓએ લાભ લીધો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના શ્રીમતી સોનલ ઠક્કર તથા અકોલા લોહાણા મહાજન ના પ્રમુખશ્રી નંદકિશોરભાઈ દ્રોણાના અધ્યક્ષમાં આ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને તે ખુબજ સફળ થયો હતો.













# શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ

## *Numerology Predicition 2024*




શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા વિભાગ દ્વારા આ કાર્યક્રમ ઝુમ મીટ પર કરવામા આવ્યો હતો. *Numerology Predicition* ૨૦૨૪ નવા વર્ષમાં તમારા જીવનમાં શું નવું થવાનું છે અને તેની તમારા પર શું અસર પડશે ? તેજ વિષય પર આ ઝુમ વેબીનાર લેવામાં આવ્યું હતું જેના મુખ્ય વક્તા શ્રીમતી હેતલબેન પોબારું હતા. તા. ૨૭-૧૨-૨૦૨૩ બુધવાર બપોરે ૪.૩૦ થી ૬.૦૦ સુધીમાં આ કાર્યક્રમ લેવામાં આવ્યો હતો જેમાં ઘણી બહેનોએ ઓનલાઈન હાજર રહી ને આ કાર્યક્રમનો લાભ લીધો હતો. સૌ પ્રથમ વિદર્ભ મહિલા મંત્રી શ્રીમતી શીલાબેન હિન્ડોચાએ સહુને મીઠા શબ્દો માં આવકાર આપી અને સૌનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ ધ્વજવંદન ગીતનું ગાન થયું હતું.

શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી તેમજ મહિલા શાખાના અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ પ્રેરણાષ્પદ વક્તવ્ય આપી સહુને પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદ વિદર્ભ મહિલા શાખા ના અધ્યક્ષા શ્રીમતી શીલાબેન પોપટે પણ સુંદર શબ્દોમાં સૌને ઉત્સાહિત કર્યા હતા. શ્રીમતી હેતલબેન પોબારુનો પરિચય શ્રીમતી રચનાબેન વડેરાએ સુંદર રીતે આપ્યો જેઓ રમતગમત સમિતિ મહિલા શાખાના નાગપુર રિજનલ અધ્યક્ષા છે.

શ્રીમતી હેતલબેન પોબારુ એ બહુ સુંદર રીતે બધાની જન્મ તારીખ પ્રમાણે ૧ થી ૯ અંક ના હિસાબે તેમના ભવિષ્યની આગાહી કરી, ઘણા સારા ઉપાયો પણ બતાવ્યા તેની સાથે જ પ્રશ્ન મંજૂષા માં ઉપસ્થિત મહેમાનો ના પ્રશ્નોનું સમાધાન પણ કર્યું હતું તેથી સર્વ મહેમાનો ખુશ થયા હતા.

છેલ્લે શ્રીમતી સીમાબેન ચંદારાણા જે વિદર્ભ મહિલા શાખા થેલેસેમિયા સમિતિના અધ્યક્ષા છે, તેઓએ બહુ જ આદરપૂર્વક શબ્દોમાં આભાર પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રીમતી શીલાબેન પોપટે આ કાર્યક્રમ બદલ બહુ સુંદર અભિપ્રાય આપ્યો સાથે શીલાબેન પોપટે આગામી ૧૦ થી ૧૩ જાન્યુઆરી તારીખ સુધી લેવામાં આવનારી વિદર્ભ દૌરાની માહિતી પણ આપી હતી. વિદર્ભ મહિલા મંત્રી શ્રીમતી શીલાબેન હિંડોચાએ કાર્યક્રમના સમાપ્તીની ઘોષણા કરી હતી એકંદરે આ કાર્યક્રમ અતિશય સુંદર રીતે પાર પડયો હતો.

# શ્રી લોહાણા મહાપરિષદ મધ્યભારત મહિલા સમિતિ દ્વારા ‘વાસ્તુ’ વિષયક વેબીનાર




શ્રી લોહાણા મહાપરિષદ મધ્યભારત ઝોન મહિલા સમિતિ દ્વારા તા. ૨૩-૧૨-૨૦૨૩ના રોજ ``*WEBINAR ON VAASTU*"નો કાર્યક્રમ યોજાયો હતો. સૌ પ્રથમ શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગ મધ્યભારતના ઝોનલ સેક્રેટરી શ્રીમતી સ્વાતીબેન મજીઠીયા એ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણી, શ્રી લોહાણા મહાપરિષદના અધ્યક્ષા - ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી કિશનભાઈ મીરાણી, શ્રી પ્રકાશભાઈ દાવડા તથા વેબિનારમાં ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધ્વજગીત થી કરવામાં આવી હતી. શ્રી સતિષભાઈ વિઠલાણી *(LMP President & Managing Trustee)*, શ્રીમતી રશ્મિબેન વિઠલાણી (*LMP* મહિલા અધ્યક્ષા : *LMP* ટ્રસ્ટી), શ્રી કિશનભાઈ મીરાણી, (*LMP* ટ્રસ્ટી), શ્રી પ્રકાશભાઈ દાવડા (*LMP* ઝોન ૧૧ અધ્યક્ષ)નું સ્વાગત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગના મધ્યભારત ઝોનના અધ્યક્ષા શ્રીમતી મીનાબેન ગણાત્રાએ કર્યું હતું. શ્રી સતિષભાઈ વિઠલાણી, શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રી કિશનભાઈ મીરાણી,શ્રી પ્રકાશભાઈ દાવડાએ ખુબજ પ્રેરણાત્મક સ્પીચ અને આર્શીવાદ પાઠવ્યા હતા. શ્રી લોહાણા

મહાપરિષદ મહિલા વિંગ મધ્યભારતના ઝોનલ અધ્યક્ષા શ્રીમતી પ્રગતીબેન મીરાણીનું સ્વાગત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગના ઝોનલ સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન મજીઠીયા એ કર્યું હતું. શ્રીમતી પ્રગતીબેન મીરાણીએ ખૂબ જ મોટીવેશનલ સ્પીચ આપી હતી. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગના *CG* રિજનના રિજનલ અધ્યક્ષા શ્રીમતી દિપ્તીબેન માણેકે બોબીભાઈ શાહ *(Vaastu & Energy Expert)* નું સ્વાગત કર્યું હતું અને પરિચય આપ્યો હતો. બોબીભાઈ શાહ એ ખૂબ જ સરસ રીતે વાસ્તુ વિષે માહિતી આપી જેમકે *GRID FOR VAASTU* ના *chart* ને *details* માં સમજાવ્યો અને વિશેષ માહિતી પણ આપી હતી. પ્રશ્નોતરી રાઉન્ડમાં પણ સચોટ અને સરળ રીતે જવાબ આપીને બધાના *doubts* પણ *clear* કર્યા હતા અને *remedies, tips* પણ આપી હતી. જે આપણી લાઈફમાં ખૂબ મદદરૂપ થઈ શકે છે. અંતમાં શ્રીમતી નિશિતાબેન માણેકે વોટ ઓફ થેન્કસ થી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી હતી. આ કાર્યક્રમનું હોસ્ટિંગ શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિંગ મધ્યભારત ઝોનના સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન મજીઠીયા એ કર્યું હતું. *IT team* માટે માહીબેન મીરાણી અને પ્રેમ મજીઠીયા ને *special thanks* થી સન્માનિત કર્યા હતા અને બધા જ મહાનુભાવો અને ઉપસ્થિત સર્વે નો વેબિનાર માં સાથ સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો.






# પશ્ચિમ મહારાષ્ટ્ર રિજયનના કરાડ ખાતે LMP મહારાષ્ટ્ર અને મુંબઈ ઝોનની મિટીંગ



શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોનની કોલ્હાપુર ખાતેની અભૂતપૂર્વ સભા બાદ LMP પશ્ચિમ મહારાષ્ટ્ર રીજીયનના મહાજન શ્રી કરાડ લોહાણા મહાજન પ્રમુખશ્રી સંજયભાઈ બદિયાણીના પ્રેમપૂર્વકના આગ્રહને માન આપીને બીજા દિવસે સોમવારે, તા.૩૦/૧૦/૨૦૨૩ રોજે બપોરે ૨.૦૦ કલાકે કરાડ ખાતે પ્રમુખશ્રી સંજયભાઈ બદિયાણીના નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોનની ચતુર્થ-ચોથી ફિઝિકલ સભાનું આયોજન ફર્ન ક્લબ કરાડ ખાતે કરવામાં આવેલ હતું.

કોલ્હાપુર થી બપોરે ૧૧.૩૦ કલાકે નીકળી AC બસથી બપોરે ૧.૩૦ કલાકે સર્વે રઘુવંશી કરાડ પહોચ્યા હતા. સૌ પ્રથમ શ્રી સંજયભાઈ બદિયાણીના પિતાશ્રીના સ્મૃતિ સ્થળ-સ્પુર્તિ સ્થળે અને શ્રી જલારામ મંદિર કરાડ મુકામે શ્રી કરાડ લોહાણા મહાજનના પ્રમુખશ્રી, પદાધિકારીઓ તથા જ્ઞાતિજનોએ LMP મહારાષ્ટ્ર ઝોન - મુંબઈ - કોકણ વિભાગ તથા પશ્ચિમ વિભાગ ના મહાજન પ્રતિનિધિઓનું ગુલાબના પુષ્પ આપી આદરભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સર્વે મહાજન પ્રતિનિધિઓ એ જલારામબાપા ની આરતી અર્ચનાનો લાભ લીધા બાદ હોટેલ ફન રેસીડન્સી - કરાડ પહોંચ્યા હતા જ્યાં હોટેલના ભવ્ય એવા કોન્ફેરેન્સ રૂમમાં સભાની શરૂઆત કરવામાં આવી હતી. સભાનું સંચાલન શ્રીમતી જ્યોતિબેન બથીયા દ્વારા કરવામાં આવ્યું હતું. મંચસ્થ મહાનુભાવો શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા, શ્રી પિયુષભાઈ ગંઠા, ડૉ શ્રી સુરેશભાઈ પોપટ, શ્રી ધીરુભાઈ રાજા, શ્રી નીખિલભાઇ સૂબા, શ્રી હર્ષદભાઈ મણીઘર તથા શ્રી મુરબ્બી હિમ્મતભાઈ સોમૈયા (નવી મુંબઈ), શ્રીમતી સ્વાતિબેન (ઉરણ), શ્રી કેયુરભાઈ (પનવેલ), શ્રી ભરતભાઈ ચંદન (ઉલ્હાસનગર) નું યજમાન કરાડ મહાજનના પ્રમુખશ્રી સંજયભાઈ બદિયાણી અને પદાધિકારીઓ ઉપ.પ્ર શ્રી મનોજભાઈ સામાણી, મા.મંત્રી શ્રી અતુલભાઈ સામાણી, સહ. મંત્રીશ્રી રાકેશભાઈ ભાટે અને ખજાનચીશ્રી અમિતભાઈ સોમૈયા દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.





ટુંકા સમયગાળામાં મીટીંગ નક્કી થઈ હોવા છતાં કરાડ મહાજનની આટલી સરસ તૈયારી અને ઉત્સાહ જોઈને શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોનના પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારિયાએ આનંદ સહ આભારની લાગણી વ્યક્ત કરી હતી. મંચસ્થ મહાનુભાવો તથા યજમાન મહાજન પ્રતિનિધિઓ દ્વારા પોતપોતાના અનુભવો અને મંતવ્યો રજુ કરવામાં આવ્યા હતા.

સભા બાદ યજમાન મહાજન દ્વારા આયોજિત સ્નેહ ભોજનનો લાભ લીધા બાદ શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોનના ૧૭ થી વધુ મહાજનોથી કરાડ પધારેલ ૫૦ થી વધુ પ્રતિનિધિઓ AC બસથી સાંજે ૫.૦૦ કલાકે પુનઃ ગંતવ્ય સ્થાન પૂના, મુંબઈ-નવી મુંબઈ, કલ્યાણ, પનવેલ, ઉરણ, રોહા, થાણા, ડોમ્બિવલી, ભીવંડી, શ્રીવર્ધન માટે એક સાથે રવાના થયા હતા.



# શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન મરાઠાવાડા રિજન દ્વારા મિટીંગ યોજાઈ

શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોનના મરાઠાવાડા રિજન દ્વારા સભાનું આયોજન, *LMP* મરાઠાવાડા રિજનના પ્રમુખશ્રી હેમંતભાઈ ઠક્કરના અધ્યક્ષ સ્થાને તા. ૨૬-૧૧-૨૦૨૩ના રોજ સાંજે ૭ કલાકે ગુજરાતી શાળા નાંદેડ ખાતે યજમાન મહાજન શ્રી લોહાણા મહાજન નાંદેડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જાલના લોહાણા મહાજન અને શ્રી લોહાણા મહાજન નાંદેડ થી કુલ મળીને ૧૦૦ થી વધુ જ્ઞાતિજનો ની હાજરી રહી હતી.

રિજનલ મિટિંગ પછી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારબાદ સરસ્વતી સન્માન અને રાત્રે ૯.૦૦ વાગ્યે શ્રી જલારામ બાપાની આરતી-અર્ચના અને મહાપ્રસાદનો સર્વે જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

સભા અધ્યક્ષશ્રી એ લોહાણા મહાજન નાંદેડના પ્રમુખશ્રી હરેશભાઈ ઠક્કર અને ટીમ ની આ સભા આયોજન માટે આભાર સાથે અભિનંદનની લાગણી વ્યક્ત કરી હતી.











# શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોનની ત્રીજી સભાનું આયોજન



અદ્વિતીય, અદભુત અને ઐતિહાસિક એવી શ્રી લોહાણા મહાપરિષદ મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોનની ત્રીજી સભાનું આયોજન *LMP* મહારાષ્ટ્ર ઝોન પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા તથા મુંબઈ ઝોન પ્રમુખશ્રી પિયુષભાઈ ગંઠા ના નેજા હેઠળ અને *LMP* પશ્ચિમ મહારાષ્ટ્રના સફળ પ્રયત્નો થકી તા. ૨૯-૧૦-૨૦૨૩ના રોજ સાંજે ૩.૩૦ વાગ્યે હોટેલ અયોધ્યા, કોલ્હાપુર ખાતે શ્રી લોહાણા મહાજન કોલ્હાપુર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સભામાં શ્રી લોહાણા મહાપરિષદના મહાનુભાવો, *LMP* વરિષ્ઠ ઉપ. પ્રમુખશ્રી જીતુભાઈ ઠક્કર, *LMP* મા. મંત્રી શ્રી ડૉ. સુરેશભાઈ પોપટ, સહમંત્રી શ્રી નીખિલભાઈ સુબા, *LMP* પૂર્વ મા. મંત્રી મુરબ્બી શ્રી હિમ્મતભાઈ સોમૈયા તથા મહારાષ્ટ્ર ઝોનના ચાર રીજન-કોંકણ વિભાગ, પશ્ચિમ મહારાષ્ટ્ર, ઉત્તર મહારાષ્ટ્ર અને મરાઠાવાડા માંથી તથા મુંબઈ ઝોનના મહાજનમાંથી કુલ મળીને ૨૭ થી વધુ મહાજનના ૧૦૦ થી પણ વધુ પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં કોંકણ વિભાગના ૧૪ મહાજનના ૩૭ જેટલા પ્રતિનિધિઓ કે જેઓ શ્રી ધર્મેન્દ્રભાઈ સાથે ખાસ *AC* બસ કરીને ઉપસ્થિત રહ્યા હતા. જેની સભાએ નોંધ લીધી.

યજમાન મહાજન શ્રી લોહાણા મહાજન કોલ્હાપુરના પ્રમુખશ્રી વિપીનભાઈ દાવડા, પૂર્વ પ્રમુખ અને ફાઉન્ડર શ્રી પ્રદીપભાઈ કાપડિયા, મા. મંત્રીશ્રી હિતેષભાઈ કાપડિયા તથા સમસ્ત ટીમ નો આટલા સરસ અને સુંદર આયોજન બદ્દલ ખૂબ ખૂબ આભાર સાથે ધન્યવાદ. સુંદર વિશાળ સભા સ્થળ પરના ઉષ્માભર્યા આવકારથી લઈને, રહેવાની *AC* રૂમ્સ - ચા - કોફી - નાસ્તા - સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા, તથા બીજા દિવસે મહાલક્ષ્મી માતાના મંદિરના દર્શન સુધીનું સંપૂર્ણ આયોજન ખૂબ જ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ હતું અને ખાસ કરીને શ્રી લોહાણા મહાજન કોલ્હાપુર ટીમનું સંપૂર્ણ આયોજન પર અમલીકરણ હતું તે ખરેખર પ્રશંસનીય રહ્યું હતું.

આ ઐતિહાસિક સફળ સભા બાદ તેજ દિવસે રાત્રે રઘુવંશી રાસોત્સવ ખેલૈયા કાર્યક્રમનું આયોજન એટલે તો જાણે સોનામાં સુગંધ ભળ્યા બરાબર હતું. સભાનું સંચાલન *LMP* મહારાષ્ટ્ર ઝોનના મા. મંત્રી શ્રી હર્ષદભાઈ મણીઘર દ્વારા કરવામાં આવ્યું હતું. સભાની શરૂઆત સાંજે ૪.૦૦ વાગ્યે સર્વે ઉપસ્થિત માન્યવરના સ્વાગત, દીપ પ્રજવલન અને ત્યારબાદ રઘુવંશી પ્રાર્થનાથી કરવામાં આવી હતી. શ્રી લોહાણા સમાજ સંગઠન કોંકણ વિભાગના ટ્રસ્ટી મહોદયો, *LMP* વરિષ્ઠ ઉપ. પ્રમુખ, *LMP* મા. મંત્રીશ્રી, *LMP* મહારાષ્ટ્ર અને મુંબઈ ઝોનલ પ્રમુખશ્રી, *LMP*





ચારેય મા. મંત્રી શ્રીમતી સ્વાતિબેન ઠક્કરે સર્વે મહાનુભાવો, શ્રી યજમાન પ્રમુખશ્રી, યજમાન મહાજન રિજનના અધ્યક્ષશ્રી અને વિવિધ મહાજન મહાનુભાવો ને મંચ પર સ્થાન લેવાનું કહ્યું હતું. ગત સમયગાળામા રામશરણ થયેલ જ્ઞાતિજનોને બે મિનિટ મૌન સાથે શ્રધ્ધાંજલી આપ્યા બાદ યજમાન મહાજન શ્રી લોહાણા મહાજન કોલ્હાપુર દ્વારા મંચસ્થ મહાનુભાવોનું તથા હાજર સર્વે મહાજન પ્રતિનિધિઓનું-કોલ્હાપુર મહાજન પ્રમુખશ્રી વિપીનભાઈ દાવડા, પૂર્વ પ્રમખશ્રી અને ફાઉન્ડર શ્રી પ્રદીપભાઈ કાપડિયા અને મા. મંત્રીશ્રી હિતેષભાઈ કાપડિયા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સભાને આગળ વધારતા *LMP* મહારાષ્ટ્ર ઝોન પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઇ કારિયાએ આટલી બહોળી સંખ્યામાં આવેલ સર્વે મહાજન પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. મહારાષ્ટ્રના ખૂણે ખૂણેથી લોહાણા જ્ઞાતિજનોને શોધીને, તેમને મળીને મુખ્યધારાથી જોડવાના ભગીરથ કાર્યના પહેલી સફળતાની પહોચ-પાવતી સમાન એટલેકે કોંકણ રિજનમા બે નવા મહાજનો શ્રી શ્રીવર્ધન, મહસલા બોરલી મહાજન તથા શ્રી રોહા, નાગોઠણા તળા મહાજન જેની જાહેરાત શ્રી ધર્મેન્દ્રભાઈએ સભામાં કરી હતી. તેમણે *LMP* દ્વારા મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોન દ્વારા થઈ રહેલા ઓનલાઈન સેમિનારના આયોજન કરવામા કેટલા લોકોની કેટલા દિવસની મહેનત લાગે છે તે વિશે સભાને માહિતગાર કર્યા હતા તથા હવે પછીથી થનાર સેમિનારમા વધુ માં વધુ સંખ્યામાં જોડાવાનું આવ્હાન કર્યું હતું. સાથે સાથે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દેશના દરેક ગામના મહાજનને પહોંચી વળવાની ઝોન-રીજીયન-મહાજન-મારફતે દરેક જરૂરિયાતમંદ જ્ઞાતિજનો સુધી પહોંચવાની કાર્ય પદ્ધતિ અપનાવી શૈક્ષણિક, આરોગ્ય માટેની મદદ આપવામા આવે છે અને લોહાણા યુવક-યુવતીઓના સગપણ/લગ્ન માટે સેતુ સમાન ''લગ્ન સેતુ'' વેબસાઈટ વગેરેની સભાને સવિસ્તાર માહિતી આપી હતી. ત્યારબાદ મુંબઈ ઝોન પ્રમુખશ્રી પિયુષભાઈ ગંઠા દ્વારા શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ટ્રસ્ટમાં થનાર પ્રત્યેક કાર્ય વિષેની જીણવટભરી વિસ્તૃત માહિતી સભાસદોને આપવામાં આવી હતી. બાળાશ્રમમાં આવનાર વિદ્યાર્થીના રહેવાથી માંડીને તેના ભણવા સુધીની સંપૂર્ણ પ્રક્રિયાથી સભાને અવગત કરવામાં આવ્યા હતા. વધુમાં અન્ય હાયર એજ્યુકેશન માટે આવનારા લોહાણા દીકરાઓ માટે લોહાણા વિદ્યાર્થી ભવન - *JD* ભવન વડાલા અને અંધેરી લોહાણા વિદ્યાર્થી ભવન તથા દીકરીઓ માટેની કાનબાઈ લાલબાઈ હોસ્ટેલ વલેપાર્લા ખાતેની સગવડતા વિષે સભાને વિશેષ માહિતી આપી હતી અને તે દરમ્યાન આવેલ પ્રશ્નોના પણ સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

સભાને આગળ વધારતા *LMP* વરિષ્ઠ ઉપ. પ્રમુખશ્રી જીતુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના યુગાન્ડા (આફ્રિકા)માં થયેલ *LIBF MEET* ની માહિતી સભાને આપી હતી અને આગામી સમયમાં ગાંધીનગર-ગુજરાત ખાતે તા. ૧૮-૦૧-૨૦૨૪ થી ૨૧-૦૧-૨૦૨૪ દરમ્યાન થનાર *LIBF* ની રૂપરેખાથી સભાને અવગત કરાવી હતી. શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્રીશ્રી ડૉ. સુરેશભાઈ પોપટ દ્વારા મહાપરિષદ દ્વારા અપાતી આરોગ્ય સહાયની

માહિતી તથા પ્રક્રિયા વિષેની સભાને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ મંચસ્થ થયેલ મહાનુભાવો-શ્રી ધીરુભાઈ રાજા (પૂના), શ્રી હેમંતભાઈ ઠક્કર (જાલના-મરાઠાવાડા), શ્રી દિલીપભાઈ કોટક (પૂના), શ્રી સંજયભાઈ પી. બદિયાણી (કરાડ), શ્રી નીખિલભાઈ (મુંબઈ), શ્રી રાજેશભાઈ મદલાણી (આણંદી-ચોટીલા) એ પણ પોતાના મંતવ્યો રજુ કર્યા હતા અને પૂના થી પધારેલ, મહિલા અધ્યક્ષા શ્રીમતી ક્રીતિબેન નાગ્રેચા, શ્રી ધવલભાઈ પરમાણી, શ્રી સંજયભાઈ પંચમતીયાએ મનના ભાવ અને પ્રશ્નો રજુ કર્યા જેના શ્રી ધર્મેન્દ્રભાઈ કારિયા એ સંતોષકારક જવાબો આપ્યા હતા.

*LMP* મહારાષ્ટ્ર ઝોનના પ્રત્યેક રીજનમાંથી આવેલ મહાજન પ્રતિનિધિ દ્વારા, જેમાં મુખ્યત્વે શ્રી કલ્યાણ લોહાણા મહાજન ના પ્રમુખ શ્રી બિરેનભાઈ ઠક્કર, શ્રી ખોપોલી, પરલી, જામ્બુલપાડા લોહાણા મહાજનના પ્રમુખશ્રી શૈલેશ વિઠલાણી, શ્રી સાંગલી લોહાણા મહાજનના શ્રી મનીષભાઈ કોઠારી તથા નાંદેડ મહાજનના શ્રી મેહુલભાઈ દાવડા, શ્રી જયેશભાઈ તથા શ્રી ભૂષણભાઈએ તેમના પરિસરમાં થતા કાર્યો, તેમના આવનારા પ્રકલ્પ તથા તેમની સમસ્યાઓ ઈત્યાદીથી સભાને અવગત કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી લોહાણા સમાજ સંગઠન ટ્રસ્ટ - કોંકણ વિભાગના સહ મંત્રી શ્રી કેયુરભાઈ પોપટ દ્વારા આયુષ્માન કાર્ડ, લેક લાડકી, ઇત્યાદી સરકારી યોજના વિષે સભાને જાણ કરવામાં આવી હતી અને સાથે સાથે તેમણે જણાવ્યું હતું કે આવી અનેક લાભદાયક સરકારી યોજનાનો આપણા જ્ઞાતિજનો કઈ રીતે ઉપયોગ કરી શકે, તેનો બેનીફીટ લઈ શકે તેના પર કામ ચાલી રહ્યું છે અને બહુ જ જલ્દી તે વિષે ની વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

શ્રી ભરતભાઈ ચંદન દ્વારા LMP મહારાષ્ટ્ર ઝોન તથા મુંબઈ ઝોન દ્વારા ગત સમયમાં લેવામાં આવેલ સેમીનાર જેમાં ઊઉ શ્રી પરાગભાઈ ઠક્કર, દ્વારા કરિયર ગાયડંસ, શ્રીમતી નૈનાબેન વસાણી (મીરારોડ) દ્વારા સરકારી યોજના વિષે તથા જગવિખ્યાત મોટીવેશન સ્પીકર શ્રી પરીક્ષિતભાઈ જોબનપુત્રા દ્વારા સક્સેસફૂલ પેરેન્ટિંગની માહિતી સભાને આપવામાં આવી હતી. ઘણા મહાનુભાવો પોતાની સમયની પાબંધીને કારણે પોતાના વ્યક્તવ્ય રજુ કરી શક્યા ન હતા. સાંજે ૭.૦૦ કલાકે શ્રી હર્ષદભાઈ મણીધરે આજની ફિઝિકલ સભામા હાજર રહેલા ૨૭ મહાજનોના (કોંકણ વિભાગ : પનવેલ, કલ્યાણ, ખોપોલી, ડોમ્બિવલી, મીરાં રોડ, ઉરણ, ધનસોલી, થાણા, ભીવંડી, વાશી રોહા, શ્રીવર્ધન, ઉલ્હાસનગર, બદલાપૂર. પશ્ચિમ મહા:પૂના, કરાડ, કોલ્હાપુર, ઈચલકરંજી, સાંગલી મીરજ, મરાઠાવાડા: જાલના, નાંદેડ, બીડ. ઉત્તર મહારાષ્ટ્ર : નાસિક. મુંબઈ : બોરીવલી, અંધેરી પશ્ચિમ મુંબઈ અને સેન્ટ્રલ મુંબઈ) ૧૦૦ થી વધુ પ્રતિનિધિઓ તથા યજમાન મહાજન શ્રી લોહાણા મહાજન કોલ્હાપુરના ટ્રસ્ટી મહાનુભાવો, પ્રમુખશ્રી અને પદાધિકારીઓ સર્વેએ સસ્નેહ આભારની લાગણી વ્યક્ત કરી હતી. સભા સમાપ્તિની જાહેરાત કરવામાં આવી હતી.



## શ્રી લોહાણા સમાજ સંગઠન - કોંકણ વિભાગ તથા યજમાન શ્રી પનવેલ લોહાણા મહાજન દ્વારા આયોજીત ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયાનો માઈન્ડ પાવર સેમીનાર



રવિવાર, તા. ૧૦-૧૨-૨૦૨૩ ના રોજે પનવેલ નગરીની પાવન ધરા પર શ્રી લોહાણા સમાજ સંગઠન કોંકણ વિભાગ અને યજમાન મહાજન શ્રી પનવેલ લોહાણા મહાજનની સંયુક્ત પ્રયત્નોના ફળ સ્વરૂપે એક અનુપમ અને અદ્વિતીય સેમિનારનું સફળ આયોજન થયું, જેમાં માનસિક શક્તિના મહાન સાધક અને જીવન પરિવર્તનના પથદર્શક ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયાએ 'અર્ધજાગૃત મન' *(Subconscious Mind)* વિષય પર તેમના જ્ઞાન અને આટલા વર્ષોના અનુભવોને જાગૃત કર્યા હતા.

આ માહિતી સભર કાર્યક્રમમાં કોંકણ વિભાગના ૧૫ ઘટક મહાજનોના ૫૫ (પંચાવન) પ્રતિનિધિઓ અને શ્રી પનવેલ લોહાણા મહાજનના મહાનુભાવો અને જ્ઞાતિજનો સર્વે મળીને ૩૦૦ થી પણ વધુ જિજ્ઞાસુ જ્ઞાતિબંધુ, યુવાઓ અને મહિલાઓએ ભાગ લીધો અને માનસિક અમુલ્ય શક્તિઓની ખરી અનુભૂતિ કરી હતી.

આ કાર્યક્રમની સફળતાએ શ્રી લોહાણા સમાજ સંગઠન - કોંકણ વિભાગ પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા અને તેમની ટીમ તથા શ્રી પનવેલ લોહાણા મહાજનના પ્રમુખ મહોદયા શ્રીમતી સુજાતાબેન ઠક્કર અને સર્વે મહાજન પદાધિકારીઓના સંયુક્ત પ્રયાસ, અથાક પરિશ્રમ અને સમર્પણનું સફળ પરિણામ સ્પષ્ટ થયું હતું.

યજમાન મહાજન દ્વારા સવારનો ચા-નાસ્તો, બપોરનું સ્વાદિષ્ટ ભોજન અને સાંજે હાઈ ટી ની ઉત્તમ વ્યવસ્થા એક સંપૂર્ણ આતીથ્યનું પ્રતીક બની રહી હતી.

સવારે ૧૧ કલાકે દીપ પ્રજવલન સાથે આ શુભ કાર્યની શરૂઆત થઈ અને સર્વે ઊભા થઈ રઘુવંશી પ્રાર્થના કર્યા બાદ યજમાન પ્રમુખ અને ટ્રસ્ટી મહોદયાઓએ ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા સાહેબ અને શ્રી લોહાણા સમાજ સંગઠન - કોંકણ વિભાગ પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈને શાલ ઓઢાડીને સન્માનિત કર્યા જે આપણી સંસ્કૃતિનું મહત્વપૂર્ણ પ્રતીક છે.





સૂર્યદેવની પ્રખર કિરણો આકાશમાં ઉચ્ચ સ્થાને પ્રસરી રહી હતી, અને સમય હતો ૧૧.૩૦નો જયારે ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા સાહેબનો ''અર્ધજાગૃત મન'' *(Subconscious Mind)* વિષય પર આધારિત સેમિનારનો આરંભ થયો. સળંગ બે કલાક ચાલેલા આ સત્રમાં સ્વયંમા એટલે કે પોતાનામાં છુપાયેલી મનની શક્તિ અને તેના વિકાસ અંગેની માહિતી અને સ્વઅનુભવો કરાવી ચકિત કર્યા. ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા દ્વારા મનની ગહન ગલીઓમાં પ્રકાશ પાથરીને શ્રોતા ગણને દિશા દર્શાવવાના પ્રયોગો પણ થયા. તેમના જ્ઞાન અને આટલા વર્ષોના અનુભવથી હાજર સૌને એ સમજવામાં મદદ થઈ કે અર્ધજાગૃત મન *(Subconscious Mind)* કઈ રીતે આપણા વિચારો, ભાવનાઓ અને ક્રિયાઓને આકાર આપે છે. સાથે સાથે કુ. નિશાબેન પાંધીએ પણ 'સ્ટેજ ફીઅર અને સ્ટેજ કોન્ફીડન્સ' વિષય પર પ્રકાશ પાડયો. તેમણે આપેલ માહિતીએ સાંભળનારાઓના મનમાં આત્મવિશ્વાસની નવી કિરણ જન્માવી હતી.

ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા અને કુ. નિશાબેન પાંધીના પ્રશ્નોત્તર સત્રનું આયોજન એક જ્ઞાનમય સમારંભ તરીકે ઉજવાયું તેમના સમર્પણ અને જ્ઞાનના સ્ત્રોતના માધ્યમે તેઓશ્રી એ આવેલ પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. બપોરના ૧:૩૦ કલાકે જયારે સેમિનાર સમાપ્ત થયું, ત્યારે પ્રત્યેક શ્રોતાના મનમાં વધુ શીખવાની લાગણી અને સમયના પૂર્ણ થવાનો અફસોસ હતો.

આ પ્રસંગ પર શ્રી લોહાણા સમાજ સંગઠન - કોંકણ વિભાગની ટીમ અને સર્વે ઘટક મહાજન પ્રતિનિધિઓએ પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈના હસ્તે તેમની વિશિષ્ટ સેવાઓની સરાહના સ્વરૂપે ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયાને સ્મૃતિ ચિન્હ અર્પણ કર્યું. ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયાને તેમના અમૂલ્ય યોગદાન માટે શ્રી પનવેલ લોહાણા મહાજન દ્વારા પણ સન્માન પત્ર પ્રદાન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ અને સંસ્કૃતિના સંગમનો સાક્ષી બનેલા આ દિવસે, સેમિનાર પછી, યજમાન મહાજન દ્વારા એક સ્વાદિષ્ટ ભોજન પ્રસાદનું આયોજન શ્રી પનવેલ લોહાણા મહાજન વાડીમાં કરાયું હતું. ત્યાર બાદ સાંજે ૩.૩૦ વાગ્યે શ્રી લોહાણા સમાજ સંગઠન - કોંકણ વિભાગની સામાન્ય સભાનું આયોજન પણ એ જ સ્થળે ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા સાહેબની હાજરીમાં થયું હતું.

એ દિવસ ખરેખર એક ઐતિહાસિક પળ બની રહ્યો, જેમાં કોંકણ વિભાગનું વિસ્તારણ થયું અને બે નવા મહાજનોની સ્થાપના થઈ. શ્રી રોહા, તળા, નાગોઠણા લોહણા મહાજન અને શ્રી શ્રીવર્ધન, મ્હસલા, બોરલી લોહાણા મહાજન - આ બે નવા ઘટકોનું આગમન ન માત્ર આપણા સમાજના વિકાસનું પ્રતીક છે, પરંતુ આપણા એકતા અને સંઘઠનની શક્તિનો પણ પ્રતીક છે.

સામાન્ય સભામાં ડૉ. શ્રી જીતેન્દ્રભાઈ અઢિયા અને કોંકણ વિભાગના પ્રમુખશ્રી ધર્મેન્દ્રભાઈ, વડીલશ્રી હિમ્મતભાઈ, સુ શ્રી સુજાતાબેનના હસ્તે, આ બે નવા મહાજનોને પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યું, જે એક ગૌરવમયી ક્ષણો હતી. આ પ્રશસ્તિ પત્રોએ નવા ઘટક મહાજનો પ્રસ્થાપિત કર્યાના પ્રયાસો અને તેમના સંકલ્પને મજબૂતી આપી. સાંજે ૫.૩૦ કલાકે સભાનું સમાપન થયું ત્યારબાદ ''હાઈ ટી''નો આનંદ માણીને સભાના સભ્યોએ પ્રસન્ન ચિત્તે પોતાના ગંતવ્ય સ્થળે પ્રયાણ કર્યું હતું.

આ સમગ્ર આયોજન નવી શિક્ષણાત્મક અને સામાજિક જાગૃતિનો પ્રતીક બન્યું, જેમાં જ્ઞાન, સંસ્કૃતિ, અને આત્મવિશ્વાસની મશાલો પ્રગટાવી ગઈ. અંતે, યજમાન શ્રી પનવેલ લોહાણા મહાજન, ટ્રસ્ટી ગણ, પ્રમુખશ્રી તથા સર્વે પદાધિકારીઓનો અને કોંકણ વિભાગના સર્વે ઘટક મહાજન પ્રતિનિધિઓ નો ખાસ આભાર. સવારથી સાંજ સુધીનો આપનો સાથ જેમાં આપ સૌ દૂર-દૂર થી આવીને એક છત નીચે એકઠા થયા, તેની પ્રશંસાના શબ્દો શોધવા મુશ્કેલ છે. આ જ આપણી એકતાનું પ્રદર્શન અને સંગઠન માટે સમર્પણની આગવી ભાવનાનું પ્રતીક છે. આપણા સંગઠનની પ્રગતિ અને ઉન્નતિના આ પથ પર, આપણે સૌ મળીને વધુ દૂર સુધી પહોંચી શકીએ તેવી આશા અને વિશ્વાસ સાથે, શ્રી લોહાણા સમાજ સંગઠન વતીથી, શ્રી હર્ષદભાઈ મણીધર (કોષાધ્યક્ષ), શ્રીમતી સ્વાતિબેન ઠક્કર (માં. મંત્રી) અને શ્રી ભરતભાઈ ચંદન (સંયોજક).



# દિલની વાત દિલથી પરિસંવાદ




શ્રી જલારામ વિદ્યાર્થી ભવન અને શ્રી જલારામ લોહાણા કન્યા છાત્રાલય ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ કાર્ડિયાક સેન્ટર ના ખ્યાતનામ ઈન્ટરવેન્શલ કાર્ડિયોલોજિસ્ટ અને લોહાણા જ્ઞાતિના રત્ન ડૉ. કુશલ પુજારા દ્વારા કન્યા છાત્રાલય ના પ્રાર્થના હોલમાં હૃદયની સંભાળ માટે દિલ ની વાત દિલ થી પરિસંવાદ સફળતા પૂર્વક સંપન્ન થયો.

ખૂબ જ રસપ્રદ શૈલીમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડિયોઝના માધ્યમથી ડોકટર પુજારા સાહેબે હૃદયની સંભાળ માટે માહિતી સભર વક્તવ્ય આપી હાર્ટ એરેસ્ટ થી બચવા કઈ કઈ તકેદારીઓ રાખવી જોઈએ તેની વિગતે વાત કરી હતી. પરિસંવાદના અંતે પ્રશ્નોતરી દરમિયાન ઉપસ્થિત સૌના પ્રશ્નોના સંતોષકારક રીતે જવાબ આપી સમારોહ ને એકદમ જીવંત બનાવી દીધો હતો.

પરિસંવાદની પૂર્વ ભૂમિકા તેમજ વક્તા ડૉ. કુશલ પુજારાનો સુંદર પરિચય વિદ્યાર્થી ભવનના માનદ મંત્રી



પ્રોફે. ચંન્દ્રકાંત તન્નાએ આપ્યો હતો જયારે આભાર વિધિ કન્યા છાત્રાલયના માનદ મંત્રી રીટાબેન ઠક્કરે કરી હતી. કન્યા છાત્રાલયના ગૃહ માતા શીલાબેન વિઠલાણીએ સૌનું સ્વાગત કર્યું જયારે રીટાબેન તેમજ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ કારિયા એ ડૉ. પુજારાનું પુષ્પગુચ્છ અને મોમેંટો થી બહુમાન કર્યું હતું.




આ પ્રસંગે વિદ્યાર્થી ભવનના માનદ મંત્રી શ્રી પ્રદીપભાઈ ઠક્કર, એસપી હોસ્ટેલના સંચાલક અને સમાજસેવક શ્રી હરેશભાઈ શાની, ડૉ. કુશલ સરના માતા પિતા જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. ભારતીબેન અને ડૉ. દિનેશભાઈ પુજારા, પ્રોફે. હિંમતભાઈ ઠક્કર, શ્રી જગદીશભાઈ હરિયાણી, પ્રોફે. વાસુભાઈ ઠક્કર, મંગળાબેન કારીયા, દીપ્તિબેન તન્ના, વિદ્યાર્થી ભવનના ગૃહપતિ શ્રી યતિશભાઈ તેમજ મોટી સંખ્યામાં બંને છાત્રાલયના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓએ ઉપસ્થિત રહી સમારોહને સફળ બનાવ્યો હતો.



# શાબાશ રઘુવંશી

ઝેનીથ હેલ્થકેર લીમીટેડ, અમદાવાદના નીલા અને મહેન્દ્ર રાયચાની પૌત્રી, જલ્પા અને અક્ષીત રાયચાની પુત્રી ધ્રીયા અક્ષીત રાયચા, ૪૩મી ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૩નું આયોજન, પ્રીતમનગર સ્કેટીંગ રીંગ, અમદાવાદ ખાતે થયેલ તેમાં ધ્રીયા અક્ષીત રાયચા એ ૩ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ધ્રીયા રાયચા એ આર્ટિસ્ટિક ફીગર સ્કેટીંગ, આર્ટિસ્ટિક સોલો ડાન્સ સ્કેટીંગ અને આર્ટિસ્ટીક ફ્રી સ્કેટીંગ કેટેગરીમાં ૫ થી ૭ વર્ષની કેટેગરીમાં ભાગ લઈને શાનદાર પ્રદર્શન કરી ટોચના સ્થાને રહેલ છે.





ભગવાન ગણપતિ દાદાની કૃપાથી તેમજ સૌ સ્નેહીજનોના આશીર્વાદથી અમારી સુપુત્રી ડૉ. શિકતા મશરૂ એ લંડન ખાતે આવેલ કોવેન્ટ્રી યુનિવર્સિટીમાં ૩ વિષયોમાં ઓર્થો, ન્યુરો, કાર્ડિયો માં  ફિજીયોથેરાપીમાં માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. જે સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ રઘુવંશી દીકરી છે, અને સાથે જ હાલ બ્રિટિશ નેશનલ હેલ્થ સેન્ટર કેટરિંગ યુકે માં ફિજીયો કન્સલ્ટન્ટ બેન્ડ ૭ની પોસ્ટ માં નિમણુંક થયેલ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ડૉ. શિકતાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી ઉત્તરોતર પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવે છે

# શાબાશ રઘુવંશી




**જામનગરના જાણીતા સાઈકિયાટ્રી ડૉ રવી એન. પાબારી એ રઘુવંશી સમાજને ગૌરવ અપાવ્યું.**

ભાટિયાના સેવાભાવી સ્વ. મોહનભાઈ પાબારીના પૌત્ર ડૉ. રવી એન. પાબારી કે જેઓ જામનગરમાં પાબારી ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ અને ડિ. એડીક્શન સેન્ટર ધરાવે છે અને માનસીક રોગના નિષ્ણાંત છે. તેઓએ તાજેતરમાં દિલ્લી ખાતે યોજાયેલ ગ્લોબલ હેલ્થકેર વેલનેસ એવોર્ડઝ એન્ડ  કોન્ફરન્સ ૨૦૨૩માં એક્સેલેન્સ એવોર્ડ ઈન સાઈકિઆટ્રી પ્રાપ્ત કરી પોતાના પરિવાર અને રઘુવંશી સમાજને ગૌરવ અપાવ્યું. આ એવોર્ડ માટે પૂરા ભારત દેશમાંથી ત્રણ અને ગુજરાતમાંથી માત્ર એક માનસીક રોગના નિષ્ણાંત પસંદગી થયેલ છે. તેઓને દિલ્હી ખાતે યોજાયેલ સમારંભમાં મોમેન્ટો અને સર્ટીફિકેટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. ડૉ. રવિ એન. પાબારીએ આ પહેલા પણ ડી. પી. એમ. પરીક્ષામાં પૂરા મહારાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે ઉર્તીણ થઈ ગોલ્ડ મેડલ મેળવવાની સિધ્ધી હાસલ કરી હતી.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ડૉ. રવીને પોતાની આ વિશિષ્ટ ઉપલબ્ધી બદલ ખૂબ ખૂબ અભિનંદન અને શુભ કામનાઓ પાઠવે છે.

## સત્યમ પરમ ધીમહિ



શ્રીમાન નટવરલાલ પ્રાણજીવનદાસ પોપટ તથા શ્રીમતી રમાબેન કાંતિલાલ ઠક્કર દ્વારા આયોજિત ૨૫ મી રજત જયંતી વક્તૃત્વ સ્પર્ધા તા. ૧૭-૧૨-૨૩ને રવિવારના રોજ કન્યા છાત્રાલય પાલડી ના પટાંગણમાં ઉત્સાહ અને આનંદપૂર્વક સંપન્ન થઈ.

સમારંભના મુખ્ય મહેમાન મા. સુ.શ્રી મોક્ષાબેન ઠક્કર - હાઈકોર્ટ જજ, સમારંભના અતિથિ વિશેષશ્રીઓ ડૉ. મહેશભાઈ મુલાણી - એડવોકેટ, ડૉ. શ્રી નિલેશભાઈ સૂચક - સીએ, ડૉ. શ્રી રાધાકિષ્નન પૂજારા - હેડ ઓફ ધિ ડિપાર્ટમેન્ટ (એમ. જી. સાયન્સ કોલેજ - અમદાવાદ) ઉપરાંત લોહાણા મહાપરિષદના છાત્રાલય સમિતિના પ્રમુખશ્રી યોગેશભાઈ ઉનડકટ, તાલાલા ગીરના પ્રમુખ, ધર્મદેવ બિલ્ડર્સ શ્રી ઉમંગભાઈ ઠક્કર, ઉત્તર ગુજરાત લોહાણા કન્યા છાત્રાલય ના પ્રમુખશ્રી વિનોદભાઈ ઠક્કર, સંસ્થાનાં પ્રમુખશ્રી રતિભાઈ પી. ઠક્કર, મંત્રીશ્રી અમૃતભાઈ ઠક્કર, સંસ્થાનાં ટ્રસ્ટીઓ તથા ટ્રોફીના યજમાન શ્રી કનુભાઈ પોપટ, શ્રી ડૉ. સુનીલભાઈ પોપટ તથા સ્વ. કે. આઈ. ઠક્કર યજમાન ચંદ્રકાંત પોપટ તથા રીટાબેન ઠક્કર, લોહાણા મહિલા પરિવારના પ્રમુખ શ્રીમતી રંજનબેન, જુદી જુદી કન્યા છાત્રાલયના મંત્રીઓ તથા ગૃહમાતાઓ ઉપસ્થિત રહી પ્રસંગને ખુબ જ સફળ બનાવ્યો હતો.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી કનુભાઈ ઠક્કર તરફથી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં મંત્રીશ્રી હર્ષદભાઈ ઠક્કર તરફથી સંસ્થાનો પરિચય રજૂ કરવામાં આવ્યો હતો. સંસ્થાનાં મંત્રીશ્રી કે. પી. ઠક્કર તરફથી સ્પર્ધાના નિયમો રજૂ કરવામાં આવ્યા હતા.



સ્પર્ધાનો વિષય :- **''માતૃભાષામાં શિક્ષણ અનિવાર્ય''** સ્કૂલ કક્ષાએ જામખંભાળિયા, પાટણ અને બાજવાની બાળાઓએ ભાગ લીધો હતો. કોલેજ કક્ષાએ પાલડી તેમજ થલતેજ (અમદાવાદ), વિદ્યાનગર, મુંબઈ, પાટણ અને બાજવાની કન્યા છાત્રાલયની બાળાઓએ ભાગ લીધો હતો. પ્રસંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

મુખ્ય મહેમાન, અતિથિ વિશેષશ્રીઓ




તથા આમંત્રિત મહેમાનોનો પરિચય સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી હરીશભાઈ ઠક્કર તરફથી આપવામાં આવ્યો. મહેમાનોનુ બુકે તથા સંસ્થાના મહિલા કારોબારી સભ્ય શ્રીમતી સરલાબેન તરફથી નીશર્ગ ઉપચાર (કુદરતી જીવન ઉપચાર)પુસ્તક આપી સન્માનિત કરવામાં આવેલ. ત્યારબાદ સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. સ્પર્ધામાં સ્કૂલ કક્ષાએ :- પ્રથમ :- સોનિચા સિમરન (જામખંભાળિયા), દ્વિતીય :- બથીયા ક્રીષિતા (જામખંભાળિયા), તૃતીય :- શીતલ ઠક્કર (પાટણ) સ્થાન પ્રાપ્ત કરેલ. સ્પર્ધામાં કોલેજ કક્ષાએ :- પ્રથમ :- નથવાણી કિન્નરી (વિદ્યાનગર), દ્વિતીય:- ઠક્કર ખુશી (અમદાવાદ), તૃતીય :- રૂપારેલ કૃપાલી (વિદ્યાનગર) એ પ્રાપ્ત કરેલ., સ્કુલ કક્ષાએ ટ્રોફી :- જામખંભાળીયા અને કોલેજ કક્ષાએ ટ્રોફી ના વિજેતા વિદ્યાનગરની સંસ્થા જાહેર કરવામાં આવી હતી.

સ્કુલ કક્ષાએ અને કોલેજ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા બાળાઓને ખીમજી ભગવાનદાસ ચેરિટી ટ્રસ્ટ (શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણી) તરફથી દરેક વિજેતા બાળાને અનુક્રમે રૂ. ૭૫૦૦/-, રૂ.૫૦૦૦/- અને રૂ. ૨૫૦૦/- આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તાલાલા લોહાણા મહાજન તરફથી મેડલ અને મોમેન્ટો આપી બાળાઓને સન્માનિત કરવામાં આવ્યા. ઉપરાંત પૂર્વ લોહાણા સમાજના પ્રમુખશ્રી ભરતભાઈ માવાણી તરફથી રૂ.૫૦૦/- લોહાણા પરિવાર મહિલા મંડળ તરફથી રૂ.૧૦૦/- તથા લોહાણા કન્યા છાત્રાલય પાલડી તરફથી રૂ. ૨૦૦/- દરેક સ્પર્ધક બાળાને આપી સન્માનિત કરવામાં આવેલ. શ્રી મહેશભાઈ મુલાણી, રાધનપુર તરફથી કોલેજ કક્ષાએ પ્રથમ ૧૫૦૦/-, દ્વિતીય ૧૦૦૦/-, તૃતીય ૫૦૦/- અને સ્કૂલ કક્ષાએ પ્રથમ ૧૫૦૦/-, દ્વિતીય ૧૦૦૦/-, તૃતીય ૫૦૦/- દરેક સ્પર્ધક બાળાઓને આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



સ્પર્ધામાં ભાગ લેનાર દરેક છાત્રાલયની ગૃહમાતાનો સંસ્થા તરફથી યથા યોગ્ય સન્માનિત કરવામાં આવ્યા હતા સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત મુખ્ય મહેમાન મા. સુ.શ્રી મોક્ષાબેન ઠક્કર તથા અન્ય મહાનુભાવો તરફથી પ્રાસંગિક પ્રેરણાદાયક માર્ગદર્શક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે નિર્ણાયક શ્રી અનિલભાઈ રાવલ તરફથી બાળાઓ તરફથી રજૂઆત થઈ હતી તેમાં ક્ષતિઓ તેમજ રજૂઆત સમયે ધ્યાન રાખવામાં આવે તેવી સલાહ સૂચનો કરવામાં આવેલ. પ્રસાદ ભોજનનું આયોજન સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી નટુભાઈ રતિલાલ ઠક્કર તરફથી કરવામાં આવ્યું હતું.

નવા છાત્રાલયના આયોજન અંગે લોહાણા મહાપરિષદના છાત્રાલય સમિતીના પ્રમુખશ્રી યોગેશભાઈ ઉનડકટ તરફથી તમે આગે વધો અમે તમારી સાથે છીએનું આશ્વાસન આપેલ છે. આખા પ્રસંગનું સંચાલન છાત્રાલયની બાળાઓ તથા ટ્રસ્ટીશ્રી હરીશભાઈ ઠક્કર તરફથી કરવામાં આવેલ હતું. લોહાણા કન્યા છાત્રાલય, પાલડી, અમદાવાદ.



## શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન, વલ્લભ વિદ્યાનગર દ્વારા ૧૬મી રાષ્ટ્રીય વક્તૃત્વ સ્પર્ધા સફળતા પૂર્વક સંપન્ન





વિદ્યાના ધામ વલ્લભ વિદ્યાનગર સ્થિત શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે સંસ્થાના ટ્રસ્ટી સ્વ.મુ. શ્રી કે આઈ ઠક્કર પ્રેરિત **શ્રી ધીરેન કાંતિલાલ આંતર છાત્રાલય ૧૬મી રાષ્ટ્રીય વકૃતત્વ સ્પર્ધા** અમદાવાદના જાણીતા સીએ શ્રી શિલ્પાંગભાઈ કારિયા ના મુખ્ય મહેમાન પદે તેમજ સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ મજીઠીયા, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી કનુભાઈ કારિયા, કન્યા છાત્રાલયના માનદ મંત્રી શ્રીમતી રીટાબેન ઠક્કર, આમંત્રિત મહેમાનો અને જ્ઞાતિ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક યોજાઈ ગઈ.



સ્પર્ધા ની શરૂઆત વિદ્યાર્થી ભવન અને કન્યા છાત્રાલયના દીકરા-દીકરીઓ દ્વારા પ્રાર્થનાથી થયા બાદ માનદ મંત્રી શ્રી પ્રદીપભાઈ ઠક્કરે મહેમાન શ્રી તેમજ ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. જયારે માનદ મંત્રી પ્રોફે. ચંદ્રકાંત તન્નાએ મહેમાનશ્રી અને ત્રણેય નિર્ણાયકશ્રીઓનો પરિચય આપી સ્પર્ધા વિશે તેના વિષય પસંદગીથી લઈને નિયમો અંગે વિસ્તૃત વાત કરી સાથે જલારામ વિદ્યાર્થી ભવન, તેના વહીવટ અને વર્ષ દરમિયાન થતી વિવિધ જ્ઞાનવર્ધક અને વિદ્યાર્થી વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા. તેઓએ માતૃસંસ્થા મહાપરિષદ દ્વારા ગાંધીનગર ખાતે યોજાનાર ભવ્ય *LIBF EXPO* ની વિગતે વાત કરી સૌ યુવાનોને તેમાં જોડાવા અને મુલાકાત લેવા અપીલ કરી હતી.

**'ખાનગીકરણ ના નામે શું આજે શિક્ષણ વહેંચાવાને બદલે વેચાઈ રહ્યું છે?'** વિષય પર ભારતભરની છાત્રાલયો જેવી કે મુંબઈની વડાલા, અંધેરી, કાંદીવલી, બાલાશ્રમ (કાંદીવલી), રાજકોટ, વડોદરા, ભાવનગર અને વલ્લભ વિદ્યાનગર ના સ્પર્ધકોએ, એક સ્પર્ધકે વિષયના પક્ષમાં અને બીજાએ વિષયના વિરુદ્ધમાં પોતાના વિચારો અને દલીલો જોરદાર રીતે રજૂ કરી અઢી કલાક સુધી ઉપસ્થિત સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.



મહેમાન શ્રી શિલ્પાંગભાઈ કારિયાએ પોતાના વક્તવ્યમાં સંસ્થાના આટલા સુંદર વહીવટથી પ્રભાવિત થઈ સૌ વહીવટદારોને અભિનંદન આપી જણાવ્યું હતું કે એક કોલેજમાં થતી હોય તેવી બધી જ પ્રવૃત્તિઓ અહીં થાય છે તે ખરેખર વિદ્યાર્થીઓના ઘડતરમાં અને તેઓની પ્રોફેશનલ લાઈફમાં ખૂબ ઉપયોગી થઈ પડશે. મને આજની આ રાષ્ટ્રીય વકતૃત્વ સ્પર્ધામાં સહભાગી બનાવ્યો તે બદલ સંસ્થાનો ખૂબ ખૂબ આભાર માનું છું. ટ્રસ્ટીશ્રીઓ શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી કનુભાઈ કારીયા તેમજ પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ મજીઠીયાએ પ્રાસંગિક ઉદબોધન કરી સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.






નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રોફે. અજયભાઈ દૈયા *(BVM Eng. College)*, ડૉ. કૌશિકભાઈ ત્રિવેદી *(Charusat Uni.)* ડૉ. ચિરાગભાઈ આડતિયાએ *(Anand Arts College)* બજાવી હતી. પ્રથમ ક્રમે વડાલા, મુંબઈના પ્રિયાંક લાલચેતા, દ્વિતીય વડોદરા હોસ્ટેલના નીશિત દેવાણી અને તૃતીય બાલાશ્રમ,







કાંદીવલીના મિહિર હિંડોચા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે વિદ્યાનગર છાત્રાલયના જય ઠક્કર અને મેહુલ સવજાણીના શ્રેષ્ઠ દેખાવ બદલ વિજેતા પદ્મ ટ્રોફી મહેમાનોના હસ્તે એનાયત કરવામાં આવી. શ્રી શિલ્પાંગભાઈ તરફથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ને રૂ. ૧૦૦૦ તેમજ ભાગ લેનાર દરેકને રૂ. ૫૦૦ પ્રોત્સાહન રૂપે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત શ્રી મહેન્દ્રભાઈ રાયચા તરફથી દરેકને રૂ. ૫૦૦ અને યજમાન સંસ્થા તરફથી પણ ભાગ લેનાર દરેકને રૂ. ૫૦૦ ઈનામ રૂપે એનાયત થયા હતા.

આ પ્રસંગે કન્યા છાત્રાલયના ગૃહ માતા શ્રીમતી શીલાબેન, શ્રી અતુલભાઈ પાવાગઢી, ડૉ નીતિનભાઈ રાયઠઠ્ઠા, *LMP* આણંદ ખેડા રિજન મંત્રીશ્રી ભરતભાઈ ઠક્કર, આણંદ મહાજનના પૂર્વ પ્રમુખશ્રી જયેશભાઈ કારીયા, શ્રી વિપુલભાઈ ગણાત્રા, કેનેડાથી આવેલા શ્રી ઉદયભાઈ ઠકરાર, શ્રી જગદીશભાઈ હરિયાણી, ડૉ. મનોજભાઈ જવાણી, શ્રી જીગરભાઈ નથવાણી, મહિલા મંડળના સભ્યો, કન્યા છાત્રાલયની દીકરીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

સમારોહના સફળ આયોજનમાં શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રી પ્રદીપભાઈના માર્ગદર્શન હેઠળ ગૃહપતિ શ્રી યતિષભાઈ અને વિદ્યાર્થીઓ માહિર, જય, કશ્યપ, રોનિત, વત્સલ, મેહુલ, ભાવિક વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

